**સુવિચાર**
નીતિને વરેલો માણસ પ્રત્યેક પરિસ્થિતિમાં પ્રસન્ન રહી શકે છે. જીવનમાં નિષ્ઠા અને પ્રમાણિકતા હોવી જરૂરી છે. નૈતિક બળને સર્વશ્રેષ્ઠ બળ સમજવું.
:: સૌજન્ય ::
**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૦૧/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ માગસર વદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૦૨૪

## લોકસભાની ચૂંટણીને લઈને જિલ્લાનાં રાજકીય કાર્યકરો ચર્ચામાં વ્યસ્ત બન્યા

# અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર કોણ ?

**ભાજપ તરફથી લોકસભા ચૂંટણી જંગમાં ઉતરવા માટે ૮ થી ૧૦ આગેવાનોની માનસિક તૈયારી**

**અમરેલી બેઠક ઉપર ભાજપને વિજેતા થવાની ઉજ્જવળ તકો હોવાથી અનેક આગેવાનો સાંસદ બનવા તૈયાર**

**રાજકીય કાર્યકરોમાં ડો. કાનાબાર, પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ અને યુવા નેતા મનિષ સંઘાણીનાં નામને લઈને પણ ચર્ચા શરૂ**

**જો કે ભાજપ હાઈકમાન્ડ દ્વારા આગામી મહિનામાં પેનલ બનાવવામાં આવે બાદ ચિત્ર સ્પષ્ટ થશે**





અમરેલી, તા. ૮
દેશમાં ૨૨ મી જાન્યુઆરીએ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને ભાજપ અને સંગલગ્ન સંસ્થાઓ સક્રીય બની છે અને ત્યારબાદ એટલે કે આગામી મહિનેથી લોકસભા ચૂંટણીનો એલાને જંગ શરૂ થવાનો હોય અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર કોણ હશે તેને લઈને અનેક અટકળો તેજ બની છે.

જેમાં ભાજપનાં વર્ષો જુના અગ્રણી અને પૂર્વ જિલ્લા પ્રમુખ ડો. કાનાબારને ભાજપ તરફથી ઉમેદવાર બનાવવામાં આવે તેવું એક કોટો વર્ગ ઈચ્છી રહ્યો છે. તો જિલ્લાનાં ભાજપનાં કદાવર નેતા અને પૂર્વ મંત્રી તેમજ ખેડૂતોનાં મસીહા ગણાતા બાવકુભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લામાં માર્ગ અકસ્માતમાં ચિંતાજનક વધારો

# રાજુલાનાં હિંડોરણા ગામ નજીક કાર હડફેટે બાઈક ચડી જવાથી યુવકનું મોત

અમરેલી, તા. ૮
રાજુલા તાલુકાનાં હિંડોરણા ગામે દાતાર વિસ્તારમાં રહેતા દેવશીભાઈ ઉકાભાઈ કવાડના દીકરા વિપુલભાઈ (ઉ.વ. ૧૮) પોતાનુ મોટર

અનુસંધાન પાના ૬ ઉપર

## આમ આદમી ઉપર ક્રોધનો પ્રભાવ વધતો જોવા મળી રહ્યો છે

# ધારીનાં બોરડી ગામે સામાન્ય બાબતે કૌટુંબિક કાકાનાં હાથે યુવાન ભત્રીજીની કરપીણ હત્યા

**માથાના ભાગે કુહાડીનો ઘા ઝીંકી ઢીમ ઢાળી દેતા આરોપીની ધરપકડ**


અમરેલી, તા. ૮
ધારી તાલુકાના બોરડી ટીંબા ગામે વાડામાં ઘુસેલી ગાયને બહાર કાઢવા જેવા સામાન્ય મુદ્દે યુવાન કૌટુંબિક કાકાએ યુવાન ભત્રીજીને માથામાં કુહાડીના ઘા ઝીંકીને હત્યા નિપજાવી હતી. આ બનાવને લઈને ધારી પંથકમાં ભારે ચકચાર મચી છે જયારે આ બનાવમાં પોલીસે આરોપીની ધરપકડ પણ કરી લીધી છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ ધારી તાલુકાના બોરડી ટીંબા ગામે રહેતા મંગુબેન જેરામભાઈ રાજાભાઈ પાટડીયાએ ધારી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા. ૫ ના રોજ સાંજે ૫:૩૦ વાગ્યાના અરસામાં મંગુબેન જેરામભાઈ પાટડીયાની પુત્રી ધર્મિષ્ઠા જેરામભાઈ પાટડીયા (ઉ.વ. ૨૦)

અનુસંધાન પાના ૬ ઉપર

**શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન**
**જાહેર નિમંત્રણ**
**પર્વ ત્રયોદશી-૨૦૨૪**
તા. ૧૦ જાન્યુઆરી-૨૦૨૪, બુધવાર અને ૧૧ જાન્યુઆરી-૨૦૨૪, ગુરૂવાર
'શિક્ષણનું સત્ય - સાહિત્યનો પ્રેમ - સેવાની કરૂણા'
સાવરકુંડલા ખાતે શિક્ષણ, સાહિત્ય અને સેવાના ત્રિસત્યને સમર્પિત શ્રી વિદ્યાગુરૂ ફાઉન્ડેશન ગરિમામય તેર વર્ષ પૂર્ણ કરે છે. આ નિમિત્તે તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૪ બુધવાર અને તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૨૪ ગુરૂવારનાં દિવસે નાટ્યપર્વ, મંગલ પ્રારંભ પર્વ અને સાહિત્ય શિક્ષણ સન્માન પર્વ રૂપે **પર્વ ત્રયોદશી** નું આયોજન કરેલ છે. તે બદલ અમરેલી વિસ્તારની જનતાને ભાવભર્યુ નિમંત્રણ છે.
:: નૂતન વિભાગોનું લોકાર્પણ ::
પૂ. મોરારિબાપુની રામકથા સ્વરૂપે સફળ અને સુફળ આહુતિ બાદ **"શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર"** નિમિત્તે આરોગ્યના સેવાયજ્ઞને સંતોષદાયી રીતે નવ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ હોસ્પિટલના અત્યાધુનિક બિલ્ડીંગ **'ભરોસો'**માં નૂતન વિભાગો ઘૂંટણ અને થાપાના સાંધા બદલવાના ઓપરેશનના વિભાગ અને મણકાના ઓપરેશનના વિભાગનું પૂ. મોરારિબાપુ દ્વારા લોકાર્પણ થશે.






:: નાટ્ય પર્વ ::
વિશાલ ગોરડિયા પ્રસ્તુત, વિનોદ સરવૈયા લિખિત, સંજય ગોરડિયા નિર્મિત દિગ્દર્શિત, અભિનિત સહપરિવાર માણી શકાય એવું તદ્દન નવું નકકોર મુંબઈનું હાસ્યસભર નાટક
તારીખ : ૧૦ જાન્યુઆરી-૨૦૨૪, બુધવાર, સાંજના ૬:૩૦ થી...
સ્થળ : જે.વી. મોદી હાઈસ્કૂલ પ્રાંગણ, સાવરકુંડલા.
:: સાહિત્ય, શિક્ષણ અને સંગીત સન્માન પર્વ ::
શ્રી નિરંજન રાજ્યગુરૂ, શ્રી પરી બલદેવપરી જવેરપરી, શ્રી નિલેશ રાણા, શ્રી ઉર્વીશ વસાવડા, શ્રી જુગલ દરજી, શ્રી પૂજા દવે
એવોર્ડ અર્પણ અને મંગલ ઉદ્દબોધન : પૂ. મોરારિબાપુ
તા.૧૧ જાન્યુઆરી-૨૦૨૪, ગુરૂવાર, સાંજના ૫:૦૦ થી...
સ્થળ : જે.વી. મોદી હાઈસ્કૂલ પ્રાંગણ, સાવરકુંડલા.
**શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર**
ખાદી કાર્યાલય કેમ્પસ, રેલ્વે સ્ટેશન સામે, સાવરકુંડલા, જિ. અમરેલી.

૧૪મી વાર્ષિક પુણ્યતિથિએ
**શ્રધ્ધાંજલિ**
नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः॥



**સ્વ. હીરાલાલ નાથાલાલ રૂપારેલ**
સ્વ.તા. ૦૯-૦૧-૨૦૧૦
સિદ્ધાંત જેનું જીવન હતું, સંસ્કાર જેનું સિંચન હતું, પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી. એવા પુણ્યઆત્માને સદાય અમારા કોટિ કોટિ પ્રણામ...
લી.
કિરણભાઈ હીરાલાલ રૂપારેલ
આશાબેન કિરણભાઈ રૂપારેલ
નિરલ કિરણભાઈ રૂપારેલ
કેયુર કિરણભાઈ રૂપારેલ
રીના કેયુર રૂપારેલ
શ્રધ્ધા નિરલભાઈ રૂપારેલ
આરવ નિરલભાઈ રૂપારેલ
મનોજભાઈ હીરાલાલ રૂપારેલ
કલ્પનાબેન મનોજભાઈ રૂપારેલ
દિયા-નિધિ એમ. રૂપારેલ
મિલાપભાઈ હીરાલાલ રૂપારેલ
વૈશાલીબેન મિલાપભાઈ રૂપારેલ
જીનલ કૃણાલકુમાર જોષી
દ્રષ્ટિ એમ. રૂપારેલ
સ્વ. શૈલેષકુમાર હીરાલાલ રૂપારેલ
ગં.સ્વ.પ્રિતીબેન શૈલેષકુમાર રૂપારેલ
યશ શૈલેષકુમાર રૂપારેલ
અમરેલી
અશ્વિનભાઈ હીરાલાલ રૂપારેલ
શીતલબેન અશ્વિનભાઈ રૂપારેલ
હેન્સી તપનકુમાર મૃગ
ક્રિશ એ. રૂપારેલ
રાજેશભાઈ હીરાલાલ રૂપારેલ
નેહાબેન રાજેશભાઈ રૂપારેલ
આયુષ રાજેશભાઈ રૂપારેલ
અમદાવાદ

# મોટી કુંકાવાવ સેવા સદન અમદાવાદનો ૧૦મો સ્નેહમિલન સમારોહ યોજાયો






તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

અમદાવાદ ખાતે મોટી કુંકાવાવ સેવા સદનની ૧૦ મી વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજતી હતી. જેમાં અમદાવાદમાં વસ્તા ૨૫૦ની વધારે પરિવારો હાજર રહયા હતા. આ પ્રસંગે બાળકોને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા તેમજ વિવિધ આગેવનોનું સન્માન કરીને સમાજ ઉપયોગી ભાવનાથી લોક કલ્યાણનાં કાર્યો કરવા પોત્સાહન પુરૂ પાડવામાં આવ્યું હતું. આમ દર વર્ષ યોજતા સ્નેહમિલન સમારોહમાં બાળકોને સીલ્ડ, મોમેન્ટો તેમજ રોકડ રકમ આપીને સન્માનીત કરવામાં આવેલ અને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી તેમજ પરિવારની ભાવનાં કુંકાવાવ અને અમદાવાદ રહેતા તમામ પરિવારનો પરીચય થાય અને અરસ પરસ ઉપયોગી બને તે માટે સ્નેહમિલન સમારોહનું સુદર આયોજન છેલ્લા દશ વર્ષથી કરવામાં આવે છે. આ પ્રસંગે ગામનાં તેમજ જિલ્લાનાં આગેવાનો અધિકારીઓ તેમજ સેવા કાર્યમાં ઉપયોગી થતા આગેવાનોને આમંત્રીત કરવામાં આવે છે. ત્યારે આ તા. ૬/૧/૨૪નાં રોજ યોજાયેલ સ્નેહ મિલનનાં કાર્યક્રમમાં અમરેલી–કુંકાવાવનાં ધારાસભ્ય અને રાજય સરકારનાં પ્રમુખ, ઉપદંડક એવા કૌશિકભાઈ વેકરીયા, ઠક્કરબાપા નગરનાં ધારા સભ્ય કંચનબેન રાદડીયા ખાસ ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે કુંકાવાવના આગેવાનો અગ્રણીએ અધિકારીઓએ ખાસ હાજરી આપી હતી. આ સ્નેહમિલન સમારોહને સફળ બનાવવા માટો સેવા સદન ગ્રૃપનાં કમીટી મેમ્બર જીતુભાઈ સોજીત્રા, અશોકભાઈ દેસાઈ, પરેશ વઘાસીયા સહિતનાં યુવાનોએ સુંદર આયોજન કરીને સફળ બનાવ્યું હતું.

### પ્રો.ના.પો.અ. સી.બી. સોલંકીનાં માર્ગદર્શનતળે કાર્યવાહી

## બગસરા ખાતેથી ભેંસને કતલ કરવાનાં ઈરાદે લઈ જનાર ૨ આરોપીની અટકાયત

### અન્ય એક આરોપીની શોધખોળ શરૂ કરાઈ

બગસરા, તા. ૮

બગસરા પોલીસ સ્ટેશનનાં પ્રો.ના પો. અધિ. સી.બી. સોલંકી તથા પો.ઈન્સ કે.સી. પારગી તથા બગસરા પો.સ્ટેશનની ટીમ દ્વારા બગસરા ટાઉનમાં ખાનગી વાહન સાથે પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન ખાનગી રાહે હકિકત મળેલ કે જેઠીયાવદરથી બગસરા તરફ એક લીલા કલરની ભાર રીક્ષા છે. જેમાં ।પાછળનાં ભાગે કેસરી કલરનાં પ્લાસ્ટીક ઢાંકેલ હાલત ભેંસ વંશ પાડા કતલ કરવાના ઈરાદે બગસરા ।તરફ આવે છ. જે બાતમી આધારે બગસરાથી જેઠીયાવદર રસ્તે કળશ સર્કલ પાસે વોચમાં રહી એક રીક્ષા ચાલક પોતાની રીક્ષામાં વંશ પાડા જીવ નંગ–૩ કુરતા પુર્વક ભરી કોઈ પણ આધાર પુરાવા વગર કતલ કરવાનાં ઈરાદે હેરફેર કરતા પકડી પાડી, પકડાયેલ ઈસમ વિરૂધ્ધ પશુ સરંક્ષણ ધારા હેઠળ કાયદેસર કાર્યવાહી કરેલ છે.

આરોપી વિરૂધ્ધ બગસરા પોલીસ સ્ટેશન ગુન્હો નોંધવામાં આવેલ છે. અને મજકુર આરોપીને ધોરણસર અટક કરી આગળની કાર્યવાહી કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

**પકડાયેલ આરોપીની વિગત :** (૧) કાદરભાઈ અલારખભાઈ કાળવાતર (ઉ.વ. ૪૨) ધંધો ડ્રાઈવીંગ રહે. બગસરા નવા જીવનપરા, તા. બગસરા, જિ. અમરેલી (૨) રાજુભાઈ રમેશભાઈ વાઘેલા (ઉ.વ. ૩૨) ધંધો મજુરી રહે. જાળીયા, તા. અમરેલી, જિ. અમરેલી.

ભેંસ વંશ પાડા જીવન નંગ–૩ આશરે કિં. રૂા. ૯૦૦૦ તથા લીલા કલરની ભાર રીક્ષા જેની આશરે કિં. રૂા. ૨૦,૦૦૦ કુલ મુદામાલ કિં. રૂા. ૨૯,૦૦૦નો મુદામાલ મળી આવેલ છે.

આ કામગીરીમાં બગસરા પોલીસ સ્ટેશનનાં પ્રો.ના.ઓ. અધિ સી.બી. સોલંકી તથા પોલીસ ઈન્સ્પેકટર કે.સી. પારગી તેમજ બગસરા પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

## સાવરકુંડલા : છાપરી ગામે લીલાપીર બાપુનાં ઉર્ષ મુબારકનું આયોજન



વીજપડી, તા. ૮

સાવરકુંડલા તાલુકાના છાપરી ગામે લીલાપીર બાપુ (રહેમતુલ્લાહ ત્લાઆ અલયહે) ના ઉર્ષ મુબારકનું આયોજન કરવામાં આવશે ઉર્ષ તારીખ–૧૧/૧/૨૦૨૪ ગુરૂવારના રોજ મુકર્રર કરેલ છે. તો તમામ હિન્દુ–મુસ્લિમ ભાઈ તથા બહેનોને ઉર્ષમાં હાજર રહીને સવાબેદારૈન હાસીલ કરે સંદલ શરીફ તારીખ ૧૧/૧/ ગુરૂવાર સાંજનાં ૫ કલાકે ત્યારબાદ મીલાદ શરીફ પીરે તરીકત મોહસીનેમીલ્લત હજરત સૈયદ હાશ્મીમીયા બાપુ કાદરી(પીર બાપુ). ઉના શાનદાર તકરીર ફરમાવશે તકરીર બાદ સંદલ શરીફ અને ન્યાઝનો પ્રોગ્રામ રાખવામાં આવેલ છે. આ ઉર્ષ માંસાદાતે કિરામ ઉના, રાજુલા, બગોયા, ડુંગર, તાતણીયા, નાના મોટા આસરાણા અને સાવરકુંડલાથી તશરીફ લાવશે અને મૌલાના વીજપડી, સાવરકુંડલા, ડેડકડી, લીખાળા, ઉના અને તાતણીયા સહીતના મૌલાના તશરીફ લાવશે. આ ઉર્ષનું આયોજન મર્હુમ મનુભાઈ ઉમરભઆઈ ગાહા પરીવાર તથા જનાબ શેરૂભાઈ ઉમરભાઈ ગાહા પરીવાર જનાબ ગુલમહંમદભાઈ ઉમરભાઈ ગાહા પરીવાર તરફથી શાનદાર આયોજન કરેલ છે. તેમ સમીર ખોખરે જણાવેલ છે.


### ગાંધીનાં ગુજરાતમાં ઠેક ઠેકાણેથી દારૂ ઝડપાયો છે

## સા.કુંડલામાં રહેણાંક મકાનમાંથી પોલીસે વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો

### આરોપી મેહુલભાઈ બગડા વિરૂધ્ધ કાર્યવાહી

અમરેલી, તા. ૮

સાવરકુંડલાના હાથસણી રોડ રાધેશ્યામ સોસાયટીમાં મઢુલી વાળી શેરીમાં રહેતા મેહુલભાઈ કેશુભાઈ બગડાના રહેણાંક મકાનેથી વિદેશી દારૂનો જથ્થો પકડી પાડી ધોરણસર કાર્યવાહી સાવરકુંડલા ટાઉન પોલીસે હાથ ધરી છે. અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહે તથા સાવરકુંડલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરા દ્વારા જીલ્લામાંથી દારૂની બદી સદંતર દુર કરવાં પ્રોહીબીશન લગત પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઈડો કરી કડક કાર્યવાહી કરવાં સુચના તથા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, એસ.એમ. સોનીની સુચના અને માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા ટાઉન



પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે સાવરકુંડલા ટાઉન વિસ્તારમાં હાથસણી રોડ, રાધેશ્યામ સોસાયટી, મઢુલી વાળી શેરીમાં મેહુલભાઈ કેશુભાઈ બગડાના રહેણાંક મકાનેથી ભારતીય બનાવટાના વિદેશી દારૂનો જથ્થો પકડી પાડી, મજકુર ઈસમ વિરૂધ્ધમાં સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એકટ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

### વાવાઝોડાનાં સમયે નમ્યો તે નમ્યો

## રાજુલાનાં છતડીયા માર્ગ ઉપરનાં ઈલેવન લાઈનનો વીજપોલને સીધો કરો

### કોઈ અકસ્માતની ઘટના બને તે પહેલા યોગ્ય કરવા માંગ

રાજુલા, તા. ૮

રાજુલા શહેરનાં છતડીયા રોડ ઉપર ઈલેવન લાઈનનો પોલ નમી ગયેલ છે. વાવાઝાડા પછી જેને સીધો કરેલ નથી. આ પોલ પુરી ઉડાઈ એ ખોડેલા નથી. દોઢથી બે ફુટ જમીનમાં ખોડી નીચે પોલ ફરતો માટીનો ઢગલો કરી દઈ પોલ ઉડો ખોડયો છે. તેવો ડોળ કરેલ છે. જે વરસાદનાં સમયે પોલ નીચે પડે તેમ છે. વાયરોને આધારે ટીગાઈ રહેલ છે. આ વિસ્તાર અતિ ટ્રાફિક વાળો રોડ છે. આ રોડ ઉપર અનેક સોસાયટીઓ આવેલ છે. દશેક સ્કુલો આવેલી છે. એસટી વર્કશોપ આવેલ છે. હાઈવે રોડને જોડતો રોડ છે. જેથી આ રોડ ઉપર અનેક વાહનો અને માણસોની અવર–જવર મોટા પ્રમાણમાં છે. આ નમી ગયેલો પોલ જો રોડ ઉપર પડશે તો તેના ઉપર ઈલેવન લાઈન છે. જે મોટો અકસ્માત કરે તે છે. અને આ રીતે ગમે ત્યારે અકસ્માત થવા પુરતો સંભવ છે. જો તેમ થશે તો અનેક માણસો ઉપર જોખમ છે. જેથી આ પોલને તાત્કાલીક યોગ્ય સ્ટેજે સીધો કરવો પડે તેમ છે. તેમજ આ પોલથી ઈલેવન લાઈન અંદરની શેરીમાં ટીસી મુકી બિન કાયદેસર લાવે છે. અંદરની શેરીઓમાં ટીસી કે ઈલેવન લાઈન નિયમસર આવતું નથી. તેમ છતાં આ વિવાદવાળો પોલ આ અંદરની લાઈન બિન કાયદેસર લાવે છે. તેનો છે. આ પોલ અને તેની ઉપરનાં ઈલેવન વાયરો લબડે તે ગમે ત્યારે નીચે પડે તેમ છે. જેને રીપેર કરવા અનેક વાર રજુઆત કરી છે. આજ સુધી રીપેર થયેલ નથી. દર ગુરૂવારે કાપ રાખી લાઈન રીપેર જયાં શોપીંગ સેન્ટરો બને છે તેને નડતા વાયરો, પોલ ફેરવવા કરાય છે. પણ અનેક રજુઆત કરવા છતાં આ નમી ગયેલો જોખમી પોલ અને તેનાં ઉપરનાં ઈલેવન પાવર વાળા વાયરો આજ દિવસ સુધી રાજુલા પીજીવીસીએલને ધ્યાને આવેલ નથી. રીપેર કરેલ નથી. તો રોડ ઉપર માનવ જીંદગી ઉપર આ પુરતું જોખમ છે. આ પોલનાં કારણે જો અકસ્માત થશે તો મોટી જાન હાની થાય તેમ છે. આ માટેની જવાબદારી રાજુલા પીજીવીસીએલની રહેશે. તો તાત્કાલીક ઘટતું કરવા જાગૃત નાગરિકોએ નાયબ ઈજનેરને પત્ર પાઠવેલ છે.

## બગસરાના ડેરી પીપરીયા ગામે ડીવાયએસપી દ્વારા લોક દરબાર યોજાયો



બગસરા, તા.૮

ડેરી પીપરીયા ગામે બગસરા પોલીસ સ્ટેશન દ્વારા ડી.વાઈ.એસ.પી. સોલંકી તેમજ પી.એસ.આઈ. ડાંગર મેડમનાં ઉપસ્થિતીમાં લોક દરબાર યોજાયો.

જેમાં ઉપસ્થિત બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર તેમજ ડેરી પીપરીયા ગામનાં વડીલ આગેવાન રવજીભાઈ તળાવિયા તેમજ માજી સરપંચ મહેશભાઈ ગોધાણી તેમજ ડેરી પીપરીયા ગામનાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

### માનવ વસાહતમાં રાનીપશુઓનાં આંટાફેરા

## સાવરકુંડલા–રાજુલા હાઈવે પર આંબરડી નજીક ભરબપોરે જોવા મળી સિંહ બેલડી

### વાહનચાલકોએ મન ભરીને માણ્યા મસ્તીભર્યા દ્રશ્યો

આંબરડી, તા. ૮

પીપાવાવ–અંબાજી નેશનલ હાઈવે પર સાવરકુંડલાના આંબરડી નજીક આવેલ ધાતરવડી નદીના કાંઠેથી એક સિંહ બેલડી ભર બપોરે રોડ ક્રોસ કરતા જોવા મળી હતી, સિંહ અને સિંહણ મેટીંગ સમયમાં હોઈ મશગુલ હતા. રોડ ટચ એક ખેતરમાં આ સિંહ બેલડી રતી ક્રિડામા મશગુલ હતા એ દરમિયાન ત્યાંથી પસાર થતા નાના મોટા વાહનચાલકોએ પણ પોતાના વાહનમાં બેસીને સિંહ બેલડીના આ મસ્તીભર્યા દ્રશ્યો માણ્યા હતા. જવલ્લે જ જોવા મળતા સિંહોના આવા દ્રશ્યો લોકોએ મન ભરીને માણ્યા હતા.



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

જો કે આ સમય દરમિયાન સિંહ બેલડીને નિહાળી રહેલ લોકોએ તેઓની રતિક્રીડામાં કોઈ ખલેલ ન પહોંચે તે રીતે શાંતિ પૂર્વક મન ભરીને નિહાળ્યા હતા. ઉલ્લેખનીય છે કે સાવરકુંડલાના આંબરડી, આદસંગ, દેતડ, અભરામપરા, ખોડીયાણાના રેવન્યુ વિસ્તારમાં સિંહોને આ વિસ્તાર જાણે માફક આવી ગયો હોઈ તેમ સતત જોવા મળી રહ્યા છે.

# સા.કુંડલાનાં ધારાસભ્ય કસવાલાનાં કાર્યાલયની મુલાકાત લેતાં ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી






ભાજપના અમરેલી જિલ્લાના મોટાગજાના ગણાતા નેતા અને ખેડૂતોની દેશની સૌથી મોટી સંસ્થા ઈફકો અને ગુજકોમાસોલનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી સાવરકુંડલાના કર્તવ્ય નિષ્ઠ ધારાસભ્ય મહેશ કસવાળાના ‘સત્વ અટલધારા‘ કાર્યાલય ખાતે મુલાકાતે પધાર્યા હતા અને ધારાસભ્ય કાર્યાલયનું બારીકાઈથી નિરીક્ષણ કરીને ધારાસભ્ય કસવાળાના ઈન્ચાર્જ પ્રતિનિધિ જીવનભાઈ વેકરીયા દ્વારા દિલીપ સંઘાણીનું બુકે આપીને અદકેરૂં સન્માન કર્યુ હતું ને ‘સત્વ અટલધારા’ ખાતે લાગેલા ભાજપના જૂના જોગીઓના ફોટોગ્રાફસ જોઈને આશ્ચર્યચકીત થઈ ગયેલા હતા. પૂર્વ ધારાસભ્ય અને ખેડૂતોના હામી સ્વ.ભગવાનબાપા કસવાળાના ૪૦ વર્ષ જૂના ફોટોગ્રાફ અને તે વખતે યુવા કાર્યકર્તાઓ તરીકે દિલીપ સંઘાણીની શરૂઆતના સં–સ્મરણો વાગોળ્યા હતા ને સ્વ.કેશુભાઈ પટેલ, કાશીરામ રાણા, સહિતના મહાનુભાવોએ અમરેલી જિલ્લામાં કરેલી ખેડૂતોના હિત માટેની ચળવળ અને કામગીરીની ફોટોગ્રાફી કસવાળાના સત્વ અટલ ધારા કાર્યાલય ખાતે જોઈ હતી ત્યારે ભગવાનબાપાનુ ભાજપાને અને યુવા આગેવાન તરીકે દિલીપભાઈ સંઘાણીને સમર્થન અને અમરેલીની કેશુભાઈ પટેલને મુખ્યમંત્રી જાહેર કરવાની ભગવાનબાપાની હાકલ વાળી ઐતિહાસિક તસવીર જોઈ જૂના સ્મરણો તાજા કર્યા હતા ને દિલીપ સંઘાણી એ તમામ કાર્યકર્તાઓને આ દિવસની યાદો તાજી કરી હતી. જયારે ભાજપના તમામ રાષ્ટ્રીય અધ્યક્ષો અને પ્રદેશ ભાજપના તમામ અધ્યક્ષોની તસ્વીરો જોઈને દિલીપ સંઘાણી અભિભૂત થઈ ગયેલા હતા ને ચાઈ પે ચર્ચાઓ કરીને ૪૦ વર્ષ પહેલા જનસંઘથી લઈને ભાજપ માટે કરેલી કામગીરીઓ અંગે યુવા કાર્યકર્તાઓ અને તેના સહયોગીઓ જોડે મુકત મને ચર્ચા વિચારણા કરી હતી. ‘સત્વ અટલધારા’ કાર્યલાય ખાતે પધારેલા દિલીપ સંઘાણીના સન્માન સમયે જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ શરદ પંડયા, જિલ્લા અનુ.જાતિ મોરચાના જિલ્લા પ્રમુખ કેશુભાઈ વાઘેલા, શહેર ભાજપ પ્રમુખ પ્રવિણ સાવજ, જિલ્લા ડાયમંડ સેલના પ્રમુખ ઘનશ્યામ ડોબરીયા, મહામંત્રી રાજુભાઈ નાગ્રેચા, સાવરકુંડલા નગરપાલિકાના સેનીટેશન ચેરમેન હેમાંગગઢીયા, કિશોર બુહા, જાણીતા પત્રકાર ફારૂકભાઈ કાદરી, કિશન યાદવ સહિતના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દિલીપભાઈ સંઘાણી જોડે સહકારી નેતા જયંતીભાઈ પાનસુરિયા સંગાથે રહ્યા હતા. તેમ તાલુકા ભાજપ કાર્યાલયમાંથી જીવનભાઈ વેકરીયાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

આમ આદમીનું અખબાર

અમરેલી amreli express એકસપ્રેસ



આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના

વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-

અને મેળવો આખું વર્ષ અમરેલી એકસપ્રેસ...

સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક

સાવરકુંડલામાં
એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે



કેવલ વેલાણી
(સાવરકુંડલા)

સાવરકુંડલા શહેરમાં ''અમરેલી એકસપ્રેસ'' દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.

કેવલ વેલાણી
મો. ૯૯૯૮૭ ૭૮૨૮૧-સાવરકુંડલા

લવાજમની મુદ્દત
તા.01-01-૨૦૨૪
થી
તા.૩૧-૧૨-૨૦૨૪

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


### ચેમ્બર્સ ઓફ કોમર્સની રજુઆતથી

# કોડીનાર-નાજાપુરનાં એસ.ટી. રૂટને કુંકાવાવ સુધી લંબાવવામાં આવ્યો

## કુંકાવાવ નાઈટ હોલ કરી સવારનાં ૫:૩૦ કલાકે ઉપડશે

કુંકાવાવ, તા. ૮

કુંકાવાવા ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ ભીમજીભાઈ વેકરીયા દ્વારા કોડીનાર ડેપોની એસ.ટી. બસ નાજાપુર સુધી હતી તેને કુંકાવાવ સુધી લંબાવવાની ભાજપ ધ્વારા માંગ ઘણા સમયની કરવામાં આવી હતી જેને સફળતા મળેલ છે. તેમાં કોડીનાગર ડેપોની બસ સાંજના નાજાપુર નાઈટ હોલ્ટ કરતી હતી તેને કુંકાવાવ સુધી લંબાવવામાં આવે તો ઘણા લોકોને આ બસનો લાભ વધુ મળે અને એસ.ટી.ને આવક થાય તે માટે જરૂરી રજુઆત કરવામાં આવી હતી. જેને એસ.ટી. નિયામક દ્વારા આ કોડીનાર-નાજાપુરને કુંકાવાવ સુધી લંબાવીને નાઈટ હોલ્ટ આપવામાં આવ્યો છે અને આ બસ સવારનાં ૫:૩૦ કલાકે ઉપડીને વાયા બગસરા, વિસાવદર, મેંદરડા, સાસણ, તાલાળા, પ્રાચી જઈને કોડીનાર જશે. આમ લોક ઉપયોગી રજુઆત એસ.ટી. તંત્રએ ધ્યાને લઈને આ બસને કુંકાવાવ સુધી લંબાવવામાં આવતા વેપારીઓને તેમજ બહારગામ જવામાં વધુમાં વધુ લોકોને આ રૂટ ઉપયોગી બનશે તેમજ ચેમ્બર્સ દ્વારા બગસરા ડેપોને સુરત રૂટની બસ સ્લીપર ચાલુ કરવા માંગ કરવામાં આવી છે. ત્યારે આગામી દિવસોમાં સુરત નવી સ્લીપર બસ ચાલુ કરવામાં આવે તેવી ઉચ્ચ કક્ષાએ લેખીત રજુઆત કરવામાં આવી છે. જો સ્લીપર બસ ચાલુ કરવામાં આવે તો સુરતનાં વધુ પ્રવાસી મુસાફરોને લાભ મળે તેમ હોય જેથી લોક ઉપયોગી એસ.ટી. રૂટ ચાલુ કરવા લોક માંગ છે.

# વડેરા : જનતા વિદ્યાલયમાં ગાયત્રી પરિવાર હરિદ્વાર દ્વારા યોગાભ્યાસનું આયોજન



વડેરા, તા. ૮

જનતા વિદ્યાલય-વડેરા ખાતે દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય હરિદ્વારની બહેનો આસ્થા સૈની, પ્રજ્ઞા ચતુર્વેદી, પ્રતિભાકુમારી દ્વારા શાળાનાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને યોગાભ્યાસ વિવિધ પ્રકારની ક્રિયાઓ દ્વારા કરાવેલ.

આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા ગાયત્રી પરિવારનાં જીલ્લા કન્વીનર બિપિનભાઈ ભરાડે જીવનમાં યોગથી થતાં ફાયદાઓ વગેરે વિશેની વાતો પોતાના વકતવ્યમાં રજૂ કરેલ. દેવ સંસ્કૃતિ-વિશ્વ વિદ્યાલયની બહેનો દ્વારા સુંદર મજાનું ગીત ''નર એ નારાયણી બન જાયે, પ્રભુ ઐસા સાન હમે દેના..'' રજૂ કરેલ.

શાળા પરિવાર તરફથી આચાર્ય મુકુંદભાઈ મહેતાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ અને શાળા તરફથી ઉપસ્થિત મહેમાનોને નવાજેલ. ત્યારબાદ જનતા વિદ્યાલય-વડેરાનાં વિદ્યાર્થી નાકરાણી પલ્લવને ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરિક્ષામાં તાલુકામાં પ્રથમ ક્રમે આવવા બદલ પ્રમાણપત્ર બિપિનભાઈ ભરાડનાં હસ્તે આપવામાં આવેલ. આભારવિધિ પંકજભાઈ દેવમુરારી બાપુએ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે એન.વી. મહેતા, ધર્મેશભાઈ પંડયા, જે.પી. પડાયાએ જહેમત ઉઠાવેલ.

### જુના રાજપરા ગામનાં ૨ વ્યકિત ઝડપાયા

# બાબરા ખાતેથી વિદેશી દારૂ અને આયુર્વેદિક પીણાની બોટલ પોલીસે ઝડપી લીધી

## કાર સહિતનો રૂપિયા ૨.૩ લાખનો મુદ્દામાલ કબ્જે

અમરેલી, તા. ૮

ભાવનગરના જુના રાજપરા ગામે રહેતા નરેશભાઈ જગુભાઈ મકવાણા તથા મુન્નાભાઈ ધરમશીભાઈ ચૌહાણ નામના બન્ને ઈસમો બાબરા-ભાવનગર હાઈવે રોડ અલખધણી ગૌશાળા પાસે ઉપર રોડ ઉપર પોતાના હવાલાવાળી ફોર વ્હીલ એકસ યુવી ૫૦૦ નં. જી.જે.-૨૭ કે ૮૨૩૪ની માં આયુર્વેદિક પીણાની બોટલ નંગ-૨ કિંમત રૂા. ૨૯૮ તથા એક કાગળના પેકીંગમાં ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની ૧૮૦ મીલીની બોટલ નંગ-૧ કિંમત રૂપિયા ૫૭ તથા મોબાઈલ ફોન નંગ એક કિંમત રૂપિયા ૩૫૦૦ તથા ફોર વ્હીલ કાર કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૦૩,૮૫૫ના પ્રોહી. મુદામાલ સાથે મળી આવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.


LED TV, હોમથીયેટર, પ્રોજેકટર, પ્રીન્ટર, CCTV, ટ્રીમર તેમજ બધા જ ઈલેકટ્રીક ડીવાઈસ રીપેરીંગ કરી આપીશુ

પ્રિસીસન ટેલીકોમ

દુ.નં.B-4, રોનક ટ્રાન્સપોર્ટની બાજુમાં, ડીવાઈન એમ.આર. આઈ. સેન્ટર ની સામે, કોમા સ્ટોર ની પાછળ, જુના માર્કેટિંગ યાર્ડની અંદર, અમરેલી ફોન : ૨૩૦૯૪૦, મો.૯૮૨૫૧ ૭૬૧૬૩

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



શુધ્ધ ઘીના અડદીયા
મોહનથાળ ગુલાબ જાંબુ ટોપરાપાક લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
જાન્યુઆરી ધમાકા ઓફર
પછી કહેતા નહીં કે અમે રહી ગયા....
ભાવ વધે તે પહેલા કાર બુક કરાવો
અને તમારા સપનાની કારનાં માલીક બનો...
CELERIO



ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ ક્લોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

HONDA સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ



ઓથો.ડિલર પરીખ હોન્ડા

॥ વંદે માતરમ્ ॥
YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR



જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Hero
XOOM
LED TAIL LAMP



DIGITAL SPEEDOMETER
Navnit Hero

તમારો દરેક પ્રસંગ યાદગાર બનશે
ક્રિષ્ના ઈવેન્ટ
•અમરેલી •સુરત •મોરબી
KRISHNA EVENT
• લોકડાયરો • લગ્નગીત
• હાસ્ય દરબાર ગરબા • પ્રાઈવેટ ઈવેન્ટ
• સંગીતસંધ્યા • રાસગરબા
• કોર્પોરેટ ઈવેન્ટ • બોલિવૂડ કોન્સર્ટ
દ્વારકેશભાઈ જોષી
99741 55535

# અમરેલીનાં સારહિ તપોવન આશ્રમની શુભેચ્છા મુલાકાતે ઓઈલમિલ, જીનીંગ, સ્પીનીંગ અને દાણા એસોસીએશનનાં આગેવાનો



સારહિ યુથ કલબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણીના સંકલ્પ અનુસાર નિર્માણધીન સારહિ તપોવન આશ્રમના શિલાન્યાસ કાર્યક્રમને એક વર્ષ પૂર્ણ થયું છે. અને આશ્રમના બિલ્ડીંગના નિર્માણકાર્ય પૂર્ણ થવામાં હોય ત્યારે સારહિ તપોવન આશ્રમની શુભેચ્છા મુલાકાતે ઓઈલમિલ એસોસીએશન, જીનીગ એસોસીએશન, સ્પીનીંગ એસોસીએશન અને દાણા એસોસીએશનનાં આગેવાનોએ સારહિ તપોવન આશ્રમની શુભેછા મુલાકાત લીધી હતી, સંસ્થાના પ્રમુખ મુકેશભાઈ સંઘાણીએ નિર્માણાધીન તપોવન આશ્રમનાં થયેલ કામની પ્રગતિ અને નિરાધાર વૃધ્ધો માટે જે સુવિધા થવાની છે. તેનાથી માહિતગાર કર્યા, તપોવન આશ્રમની શુભેચ્છા મુલાકાતથી આગેવાનો પ્રભાવિત થયા અને અમરેલી જીલ્લામાં આ અદકેરા સેવાના કાર્યને બિરદાવ્યું અને મુકેશભાઈ સંઘાણી તથા સારહિ યુથ કલબની ટીમને શુભેચ્છા પાઠવી હતી અને ભવિષ્યમાં તન,મન,ધનથી સેવા માટે તત્પરતા દાખવી હતી, આ શુભેચ્છા મુલાકાતમાં એસોસીએશનના લાલભાઈ દેસાઈ, જયસુખભાઈ દેસાઈ, જીગ્નેશભાઈ કુકડીયા, ચુનીભાઈ સોળીયા, સંજયભાઈ સોળીયા, કમલેશભાઈ બોકારવાડીયા, કનુભાઈ જોધાણી, જીતુભાઈ જાવિયા સહિતના આગેવાનો તથા જયવંતભાઈ ફીણાવા, કાળુભાઈ ભંડેરી, ચિરાગભાઈ ગજેરા, ગુલાબભાઈ દુધાત, નાથાભાઈ ભંડેરી, વિરલભાઈ કાબરિયા, ડેનીભાઈ રામાણી, નાથાભાઈ ભંડેરી, પ્રવીણભાઈ ફીણાવા, કનુભાઈ ગોજારીયા, નરેશભાઈ સાકરીયા, જગદીશભાઈ વિરમગામા, વિશાન્તભાઈ કાવઠીયા, સહીત આગેવાનો તથા અશ્વિનભાઈ સાવલિયા, પ્રાગજીભાઈ કાલરીયા, વજુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

### જય હો પ્રભુ શ્રી રામ કી...

## સુરતથી અયોધ્યા જશે માતા જાનકી માટે સ્પેશિયલ સાડી

### રામ મંદિરનાં તમામ કપડા આપવાનું વચન અપાયું



તસ્વીર/અહેવાલ : પ્રતાપ ખુમાણ–કેવલ વેલાણી–સા.કુંડલા

સાવરકુંડલા, તા. ૮

દેશના મુખ્ય કાપડ કેન્દ્ર એવા સુરત શહેરમાં તૈયાર કરાયેલી એક ખાસ સાડી ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં યોજાનાર રામ મંદિરના મૂર્તિ અભિષેક સમારોહ માટે મોકલવામાં આવશે. ભગવાન રામ અને અયોધ્યા મંદિરની છબીઓવાળી સાડી ભગવાન રામના પત્ની સીતા માટે છે, જે આદરપૂર્વક મા જાનકી તરીકે પણ ઓળખાય છે. કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા લલિત શર્માએ જણાવ્યું હતું કે રવિવારે અહીંના એક મંદિરમાં પ્રથમ ટુકડો અર્પણ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે આ કવાયત એટલા માટે કરવામાં આવી છે કારણ કે જે શ્રદ્ધાળુઓ અભિષેક સમારોહ દરમિયાન અયોધ્યામાં શારીરિક રીતે હાજર રહી શકતા નથી, તેઓ પોતાની રીતે ધાર્મિક કાર્યક્રમ સાથે જોડાવા માંગે છે. શર્માએ કહ્યું, આખી દુનિયામાં આનંદ છે કારણ કે ઘણા વર્ષો પછી અયોધ્યા મંદિરમાં ભગવાન રામની મૂર્તિનો અભિષેક થવા જઈ રહ્યો છે. મા જાનકી અને ભગવાન હનુમાન સૌથી વધુ ખુશ છે. તેમની ખુશીઓ વહેંચીને અમે ભગવાન રામનો આભાર માન્યો છે અને અયોધ્યા મંદિરનાં ચિત્રો સાથે એક ખાસ સાડી તૈયાર કરવામાં આવી છે. અમે તેને અહીંના મંદિરમાં મા જાનકીને અર્પણ કરી હતી. તેમણે વધુમાં કહ્યું કે, સાડી અયોધ્યાના રામ મંદિરમાં મોકલવામાં આવશે. જો અમને કોઈ વિનંતી મળશે તો અમે તેને ભગવાન રામના તમામ મંદિરોમાં મફત મોકલીશું જયાં જયાં મા જાનકી રહે છે. શર્મા સાથે પરામર્શ કરીને સાડી તૈયાર કરનાર કાપડના વેપારી રાકેશ જૈને જણાવ્યું હતું કે કાપડ મા જાનકી માટે છે. તેને અયોધ્યા મંદિર મોકલવામાં આવશે.

### અમરેલી : સારહિ તપોવન આશ્રમને વસંતભાઈ ગજેરા તરફથી ૧૧ લાખ રૂપિયાનું અનુદાન



અમરેલી, તા. ૮

સારહિ યુથ કલબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણીના સંકલ્પ અનુસાર નિર્માણધીન સારહિ તપોવન આશ્રમના શિલાન્યાસ કાર્યક્રમને એક વર્ષ પૂર્ણ થયું છે. અને આશ્રમના બિલ્ડીંગના નિર્માણકાર્ય જયારે શરૂ છે, ત્યારે ઘણી સેવાભાવી સંસ્થાઓ, મહાનુભાવો પણ પોતાના તરફથી આ સેવાયજ્ઞમાં જોડાઈ રહ્યા છે, ત્યારે અમરેલી જીલ્લાના શિક્ષણવિદ, શૈક્ષણિક હબના સ્વપ્નદ્રષ્ટા, વાત્સલ્ય ધામના પ્રણેતા, તેવા અમરેલીના વતની સારહિ તપોવન આશ્રમનાં સેવા કાર્યથી પ્રભાવિત થઈને વસંતભાઈ હરિભાઈ ગજેરા તરફથી સારહિ તપોવન આશ્રમને રૂા.૧૧ લાખનું દાન આપવામાં આવ્યું.

આ સેવાયજ્ઞમાં સહભાગી થઈ, કાર્યને વધુ વેગવંતુ બનાવવાના પ્રયાસ માટે સારહિ યુથ કલબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી તેમજ સારહિ યુથ કલબની ટીમ દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો.

### જિલ્લા કલેકટર અજય દહિયાની ઉપસ્થિતિમાં

## અમરેલીનાં બાળ સંભાળ ગૃહમાં ચિત્ર સ્પર્ધાનું સુંદર આયોજન થયુ

### દત્તક ઈચ્છુક દંપતીને ''દીકરી વધામણા કિટ'' આપવામાં આવી



અમરેલી, તા. ૮

જિલ્લા કલેકટર અજય દહિયાનાં માર્ગદર્શન હેઠળ સરકારી ચિલ્ડ્રન હોમ, પ્રતાપપરા, ખાતે સરકારી ચિલ્ડ્રન હોમ, શ્રી મહિલા વિકાસ મંડળ તથા બહેરા મૂંગા શાળા, બાળકો સાથે બાળકોમાં છુપાયેલ સુષુપ્ત કળાઓને વેગ મળે તેવા ઉમદા હેતુથી ચિત્ર સ્પર્ધાનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું સુચારૂં આયોજન જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વિવિધ થીમ પર બાળકોને ચિત્રો દોરાવવામાં આવ્યાં.

અમરેલીનાં એક દત્તક ઈચ્છુક દંપતીને ભારત સરકારની દત્તક વિધાન હેઠળની પ્રક્રિયા અનુસાર મળેલ ૦૩ માસની દીકરીને ભારત સરકારનાં ''બેટી બચાઓ બેટી પઢ ાઓ'' કાર્યક્રમ અંતર્ગત દીકરીઓને દરેક પાસાઓમાં પ્રોત્સાહન મળે તે માટેનાં હસ્તે દત્તક ઈચ્છુક દંપતીને '' દીકરી વધામણા કિટ'' આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં બાળા કલ્યાણ સમિતિનાં અધ્યક્ષ રાજેશભાઈ કાબરીયા, સભ્ય રાજયગુરૂ ઉપસ્થિત રહ્યાં. આ કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી કણજરીયા, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી રવિરાજસિંહ તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી વિ.યુ. જોષી દ્વારા તથા કચેરીનાં તમામ કર્મચારી દ્વારા જહેમત ઉઠાવેલ.

### ગામજનોમાં ઉત્સાહનો માહોલ

## ધારીનાં છતડીયા શાળાની અમેરિકા સ્થિત દાતાએ મુલાકાત લીધી

### બાળકો માટે 'વોટર ફિલ્ટર' એનાયત કર્યુ



ધારી, તા.૮, ધારીનાં છતડિયા મુકામે મુળ છતડિયાનાં તેમજ હાલ અમેરિકાનાં કાર્ડિસોલોજીસ્ટ ડો. પ્રવીણભાઈ છતડિયા પ્રા.શાળાનાં મુકામે પધાર્યા હતા. જેનાં દ્વારા બાળ કોને નાસ્તા પણ કરાવવામાં આવ્યો હતો. તેમજ શાળાનાં બાળકોને શુદ્ધ પાણી મળી રહે તે માટે શાળાને 'વોટર ફિલ્ટર' સપ્રેમભેટ અર્પણ કરવામાં આવ્યું હતું. આચાર્ય સુરેશભાઈ વેગડા જેમાં શાળાનાં ભુતપુર્વ આચાર્ય જે.ગી રાવલ (શિવલભાઈ) સરપંચ હંસાબેન કાછડીયા, તા.પં.પ્રમુખ, જયંતીબાપા વાણીયા, સવજીભાઈ હીરપરા, ભરતભાઈ કાછડિયા, તેમજ શાળાનાં આચાર્ય તથા સ્ટાફગણ અને છતડીયા ગામનાં અન્ય ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

## અમરેલીમાં શકિતગૃપને શુભેચ્છા પાઠવતાં મનિષ સંઘાણી



અમરેલી, તા.૮

અમરેલી શહેર અને જિલ્લામાં આ ઠંડીમાં કોઈપણ જરૂરીયાતમંદ ઓઢીયા વગરનાં રહે એ સંકલ્પથી સમગ્ર જિલ્લા અને શહેરમાં ધાબળાનું વિનામૂલ્યે વિતરણ કરતા યુવા નેતા મનીષભાઈ સંઘાણીએ શકિતગ્રૃપની સેવાકીય પ્રવૃતિઓ બિરદાવી અને ગ્રૃપને ધાબળા આપ્યા શકિત ગ્રૃપ ટીમ ગૌતમ વાળા જયદેવભાઈ વાળા વિજયભાઈ ધંધુકિયા અશોક વાળા મહાવીર પરમાર પૃથ્વીરાજ વાંક ગૌરાંગ મહેતા જીગ્નેશ દાફડા પરેશ પરમાર હિતુરાજ પરમાર પરાગ મકવાણા યુવરાજ પરમાર લાલો કાબરીયા મયુર ખાનપરા હાર્દિક વ્યાસ જયભાઈ મસરાણી મનીષભાઈ સંઘાણીનો ખુબ ખુબ આભાર માન્યો હતો.

## સાવરકુંડલા : શ્રી શિવ દરબાર આશ્રમ ખાતે પ.પૂ. શ્રી ઉષામૈયાનો ૮૫મો જન્મ દિવસ ઉજવાયો



સાવરકુંડલા, તા ૮

સાવરકુંડલાથી પાંચ કિલોમીટર દુર પશ્ચિમ તરફ કાનાતળાવ રોડ ઉપર શ્રી શિવ દરબાર આશ્રમ આવેલ છે. ત્યાંના પ.પૂ. શ્રી ઉષામૈયાના જન્મદિવસે તા. ૩/૧/૨૦૨૪ ના નવી બનાવેલ ગૌશાળાનું ઉદ્દ્ઘાટન સંતો દ્વારા કરવામાં આવ્યું. ત્યાર બાદ સંતોનું સન્માન કરવામાં આવ્યું.

આ સંત સભામાં પ.પૂ. જયોતિમૈયા–સનાતન આશ્રમ બાઢડા, પ.પૂ. મુકતાનંદ બાપુ–ચાપરડા, પૂ. જીતુભાઈ બાપુ કણકોટ, અધેવાડાથી પૂ. સીતારામના બંને શીષ્યાબહેનનો તથા પુ. ભકિતરામ બાપુ તથા પૂ. લવજીબાપુ, વાકુની ધારથી પૂ. કરૂણાનિધાન બાપુ, કુંડલા કબીર ટેકરીએથી પૂ. નારણ સાહેબ સહીતના સંતો પધારેલા પૂ. ઉષામૈયા હાલ નર્મદાજીની પરિક્રમ કરે છે.

પૂ. મુકતાનંદબાપુએ પોતાના પ્રચવનમાં પૂ. ઉષામૈયાના નિઃસ્વાર્થ પ્રેમની વાત કરી અને આશ્રમ પ્રેમીઓને આશ્રમની પ્રવૃત્તિમાં જોડાઈ રહેવા હાંકલ કરેલી.

આ તકે પૂ. લવજીબાપુ, પૂ. ભકિતરામ બાપુ, પૂ. કરૂણા નિધાન બાપુએ પોતાના પ્રવચન આપેલા. તેમ એક યાદીમાં ભરતભાઈ જોષીએ જણાવેલ છે.

# અમરેલી ખાતે હરિધામ પરિવાર દ્વારા રકતદાન કેમ્પ યોજાયો



અમરેલી લોહાણા મહાજનના ટ્રસ્ટ રઘુવંશી અગ્રણી તેમજ સેવાભાવી ભાવેશભાઈ આડતીયાના પુત્ર ભાવીન ભાવેશભાઈ આડતીયાના જન્મ દિવસ નીમિતે તેમની સ્મરણાંજલિ રૂપે હરિધામ પરિવાર દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં ૭૫ જેટલા રકતદાતાઓ દ્વારા રકતદાન કરવામાં આવેલ હતુ. હરિધામ પરિવાર દ્વારા આયોજીત રકતદાન કેમ્પમાં અમરેલી લોહાણા મહાજનના પ્રમુખ જીતુભાઈ સોમૈયા સહીત મહાજનના અગ્રણી ટ્રસ્ટીઓ એ હાજરી આપેલ હતી. તેમજ અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર્સ ઓફ કોમર્સના આગેવાનો તેમજ પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ ડોકટર ભરતભાઈ કાનાબાર, અમરેલી લેઉવા પટેલ સમાજના પ્રમુખ દિનેશભાઈ ભુવા, ઈન્દીરા શોપીંગ સેન્ટરના પ્રમુખ યોગેશભાઈ કોટેચા, અમરેલી શહેર ભાજપ ઉપપ્રમુખ યોગેશભાઈ ગણાત્રા સહિતના રઘુવંશી અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. હરિધામ પરિવાર દ્વારા આયોજીત રકતદાન કેમ્પમાં રઘુવંશી યુવાનો સર્વ આશીષ ગણાત્રા, ભાવેશ સોમૈયા, મહેશ સોમૈયા (કાનો), ગોપાલ રાજા, સેતુલ આડતીયા, કમલ વડેરા, સુમીત કારીયા, નીરવ વડેરા, જીગ્નેશ પોપટ, જતીન નથવાણી, રાજેશ વિઠલાણી, હીરેનભાઈ ભુપતાણી, પરેશ ખખ્ખર તેમજ મધુભાઈ રાજા, મહેશભાઈ કારીયા સહીતનાઓએ જહેમત ઉઠાવેલ હતી.

# લીલીયા મોટા ખાતે અક્ષત કળશ યાત્રામાં મોટી સંખ્યામાં ગામજનો જોડાયા



લીલીયા મોટા ખાતે અયોધ્યા રામ પ્રતિષ્ઠા મહોત્સવ કમિટી લીલીયાના નેજા હેઠળ શ્રી રામજી મંદિર ખાતેથી બપોરના ૩:૩૦ કલાકે ભવ્ય અક્ષત કળશ યાત્રાનો વિધિવત પ્રારંભ કરવામાં આવેલ જે શહેરના મુખ્ય માર્ગો પર ફરેલ. જેમાં ઢોલ નગારાના તાલે યુવાનો જુમી ઊઠયા હતા અને અબીલ ગુલાલ અને ફટાકડાની આતશબાજી વચ્ચે સમગ્ર શહેર સહિત આસપાસના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીએ જય શ્રી રામના જય ઘોષથી સમગ્ર શહેર રામ મય કરી દીધું હતું. જેને લઈ રામ નામના નાદથી સમગ્ર શહેર ગુંજી ઉઠયું હતું. સમગ્ર બહેનો મોટી સંખ્યામાં માથે કળશ લઈ યાત્રામાં જોડાયેલ યાત્રા દરમ્યાન લીલીયા પીએસઆઈ એસ. આર. ગોહિલ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## ચલાલા : પાલિકાનાં નિવૃત્ત થયેલ કર્મચારીઓ હજુ પણ તેના હિસ્સાની રકમથી વંચિત

ચલાલા, તા. ૮

ચલાલા નગરપાલિકાની પરિસ્થિતિ છેલ્લાં ઘણાં વર્ષોથી એટલી હદ સુધી વણસી છે કે નગરપાલિકાની પરિસ્થિતિ એટલી હદ સુધી દૈનિક વિકટ અને ગંભીર પરિસ્થિતિનું સર્જન થયું છે કે નગરપાલિકાનાં દરેક વાહનો મૃતપ્રાય સ્થિતિમાં છે, કર્મચારીઓનો નિયમીત પગાર થતો નથી અને નગરપાલિકાની તિજોરીઓ તળિયા ઝાટક કરી નખાતા ચલાલા નગરપાલીકાને કોઈ એક રૂપિયાનું બાકી આપવાં રાજી નથી. ત્યારે નગરપાલિકા હસ્તકનાં રોજબરોજનાં દૈનિક કામો ખોરંભે ચડે છે. ત્યારે આવી કફોડી સ્થિતિનું નિર્માણ થતાં ચલાલા શહેરનો વિકાસ તો એક બાજુ પણ ચલાલા નગરપાલીકાને પણ અલીગઢી તાળાં લગાવવા પડે તેટલી હદ સુધી કફોડી સ્થિતિ સરજાય છે.

તેટલું જ નહી પણ સફાઈ કામગીરી સહિત વિવિધ વિભાગમાં ફરજ બજાવી વરસો પહેલા વય મર્યાદાનાં કારણે નિવૃત થયેલ કર્મચારીઓનાં હકકનાં કપાત થયેલ સ્ટાફ પ્રોવિડન્ડ ફન્ડ, ગ્રેચ્યુટિ સહિતની ખુદ કર્મચારીઓનાં પગારમાંથી કપાયેલ અને નગરપાલીકામાં જમાં પડેલ રકમ ચૂકવવામાં પણ નગરપાલિકા કોઈ અકળ કારણોસર ઠાગા ઠૈયા કરી રહી છે. ત્યારે ઉલ્લેખનીય છે કે ઘણાં કર્મચારીઓ પોતાનાં હક્કનાં નાણાં મળવાની રાહ જોઈ જોઈને મૃત્યુ પામ્યા છતાં સત્તાધીશોએ ફુટી કોડી પણ ન આપી. નગરપાલિકાનાં આજ દિવસ સુધીનાં સત્તાધીશો પોતાની ફરજ ચુકી આવાં કર્મચારીઓ સાથે ભારોભાર અન્યાય કરી રહ્યાં છે. તેટલું જ નહી પણ ચલાલા નગરપાલિકામાં સામાન્ય પગાર હોવાં છતાં પણ પૂરી ઈમાનદરી અને ખંતથી રાત દિવસ તનતોડ મહેનત કરી ફરજ બજાવતા ઘણાં રોજમદાર સફાઈ કર્મચારી, એમ્બ્યુલન્સ ડ્રાઈવર સહિત ઘણાં કર્મચારીઓ પોતાની ચાલું ફરજ દરમ્યાન અવસાન પામેલ છતાં સત્તાધીશોએ તેમનાં પરિવારને માનવતાનાં ધોરણે સહાય રૂપે એક પણ રૂપિયો ન આપી નગરપાલિકાનાં સત્તાધીશોએ જાણે માનવતા નેવે મુકી દીધી હોય તેવું વર્તાય રહયું છે. ત્યારે પોતાનાં અંગત સ્વાર્થ ખાતર કરોડો રૂપિયાની ગોલમાલ કરનાર સત્તાધીસો ગરીબ કર્મચારીઓને પોતાના હક્કનાં તથા અવસાન પામેલ રોજમદાર કર્મચારીઓનાં પરિવારને આસ્વાસન રૂપે આજ દિવસ સુધી સહાય ન ચુકવતાં આ ગરીબ પરિવારોનાં કાળી મહેનત મજુરીની રકમનું પણ ગેરવલ્લે કરી કૌભાંડ આચર્યુ હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે મહાપુરૂષોએ કહ્યું છે કે કામધેનુ ગાયને મળે નહી સુકું તણખલું અને લીલાછમ ખેતરો આખલા ચરી જાય તે પંકિત મહદઅંશે સ્વાર્થી સત્તાધીશોએ સાર્થક કરી છે. તો સત્તાધીશો પોતાનાં અંગત સ્વાર્થ ખાતર મોટા મીર સમાન કોન્ટ્રેકટરોને મારી વિકાસ કામોમાંથી મોટી રકમ વસુલી સાહેરને તો કફોડી સ્થિતિમાં મુકયું છે પણ ટંકનું લાવી ખાનાર આવાં ગરીબ પરિવારોનાં હાંડલા ફોડવામાં સત્તાધિશો કોય કચાશ ન રાખી તે અતી શરમની બાબત ગણાય તેવી અખબારી યાદીમાં અશોકસિંહ તલાટીયા જણાવે છે.

## ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વ રોગ કેમ્પ યોજાશે

ચલાલા, તા. ૮


વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ધ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૧૦/૧/૨૪ને બુધવારનાં રોજ ૨૬૨ મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જિલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.

કિશોરભાઈ, મંજુબેન, રાજુલ, સેજલ, અનુરાગ એન્ડ ટ્રીના મોદી, પરીત એન્ડ પારૂલ શાહ, કેનોન્સ પાર્ક–લંડનના આર્થિક સહયોગથી યોજાનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન ધ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મુકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાતા કાઢવા, ચાંદી પુરવી વગેરેની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે. સર્વરોગ કેમ્પમાં તમામ પ્રકારના રોગો જેવા કે, શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો વગેરેની સારવાર કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવશે.

હરિબા મહિલા કોલેજમાં દીકર માટે બીપીઈએસ (સ્પોર્ટસ), આર્ટસ, કોમર્સ, બીસીએ જેનું પ્રવેશ કાર્ય શરૂ છે. ઉપરોકત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે કેમ્પમાં ઉપરોકત તમામ સારવાર વિનામૂલ્યે મળશે. તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભ લે તેવું સંસ્થાના વડા રતિદાદની એક યાદીમાં જણાવાયું છે.

## ૯ જાન્યુઆરી, ''પ્રવાસી ભારતીય દિવસ''



ભારતમાં દર વર્ષે નવમી જાન્યુઆરીનાં દિવસે પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે વર્ષ ૧૯૧૫માં ભારતનાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પરત ફર્યા હતા. આ જ દિવસને ભારતની સ્વાતંત્ર્ય લડતમાં મહાત્મા ગાંધીજીનાં આગમનનાં દિવસ તરીકે ગણવામાં આવે છે. તેથી આ દિવસને 'પ્રવાસી ભારતીય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે પ્રવાસી ભારતીયો અને ભારતીય મૂળ નાં લોકોનાં યોગદાનને બિરદાવવા માટે ખાસ ઉજવવામાં આવે છે.

પ્રવાસી ભારતીય દિવસ એ વિદેશ મંત્રાલય દ્વારા યોજવામાં આવતી મુખ્ય યોજનાઓ પૈકી એક છે જે વિદેશમાં સ્થાયી થયેલા ભારતીયો સાથે જોડાવવા અને સંકળાયેલા રહેવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરો પાડે છે. આ મંચ પ્રવાસી ભારતીયોનાં ભારત પ્રત્યેનાં વિચાર, ભાવનાની અભિવ્યકિત, દેશવાસિઓ સાથે સકારાત્મક વાતચીત માટે ઉપલબ્ધ કરવામાં આવ્યું છે. તેનો મુખ્ય ઉદેશ્ય વિશ્વનાં તમામ દેશોમાં પ્રવાસી ભારતીયોનું નેટવર્ક બનાવવું, યુવા પેઢીને પ્રવાસીઓથી જોડવી, વિદેશમાં રહેનાર ભારતીય શ્રમજીવિઓની મુશ્કેલીઓ જાણવી અને તેને દૂર કરવી અને ભારત પ્રત્યે પ્રવાસીયોને આકર્ષિત કરવા અને રોકાણ કરવાની તકો વધારવાનો છે. આ રીતે દેશનો સંબંધ અન્ય દેશો સાથે મજબુત બને છે અને અંતે દેશના વિકાસમાં મદદ મળે છે. જે લોકો વિદેશમાં રહીને કોઈ ને કોઈ ક્ષેત્રમાં કાર્યરત છે તે પોતાનું જ્ઞાન રાષ્ટ્ર સાથે વહેંચીને દેશના લોકોનાં અંગત વિકાસમાં મદદરૂપ થાય છે અને આ રીતે દેશનો સર્વાંગી વિકાસ શકય બને છે. વિદેશમાં રહીને વિભિન્ન ક્ષેત્રોમાં કાર્ય કરતા લોકો દેશની પુંજી છે. એક રીતે તે દેશનો ગર્વ છે માટે તેમના હિત માટે, તેમના યોગદાનને બિરદાવવું જ રહ્યું.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

## લાઠી : તા. ૨૪ જાન્યુ. તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૮

લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે આગામી તા.૨૪ જાન્યુઆરી, ૨૦૨૪ને બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે લાઠી તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે. તાલુકા કક્ષાના પ્રશ્નો અને ફરિયાદો તા.૧૮ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં તાલુકા મથકે, લાઠી તાલુકા મામલતદાર, લાઠી તાલુકા કચેરી, લાઠી જિ. અમરેલી ખાતે પહોંચતા કરવા. અરજીના મથાળે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અવશ્ય લખવાનું રહેશે. સામૂહિક કે નીતિ વિષયક સિવાયના પ્રશ્નો રજૂ કરવા, તેમ લાઠી તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યુ છે.

### બાળકોનાં સર્વાંગી વિકાસના કાર્યોમાં સહયોગ

## કોવાયા : અલ્ટ્રાટેક સિમેન્ટ વર્કસ દ્વારા આસપાસનાં ગામોની આંગણવાડીમાં રમકડાનું વિતરણ

### ૧૧ આંગણવાડીમાં સિલીંગ ફેનનું વિતરણ થયું

કોવાયા, તા.૮

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસનાં કોવાયા વિભાગ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે હમેશા તત્પર રહે છે. વિવિધ જાગૃતતા કાર્યક્રમો, પ્રવેશ ઉત્સવ, જરૂરીયાતનું એજયુકેશનલ મટીરીયલ વગેરેનું વિતરણ જેવા વિવિધ આયોજનો દ્વારા બાળકોનો ઉત્સાહ વધારવાનો પ્રયાસ રહે છે.

જે અંતર્ગત આસપાસના ગામો જેવા કે કોવાયા, ભાકોદર, વરાહસ્વરૂપ, વાંઢ, લોથપુર વગેરે ગામોની આંગણવાડીઓ માં લાંબા સમયથી રૂમમાં સીલંગ ફેનની જરૂરિયા હતી. સીએસઆર વિભાગ દ્વારા તમામ આંગણવાડીના સર્વે બાદ જરૂરીયાતને ધ્યાનમાં રાખી ઉપરોકત તમામા



તસ્વીર : વાઘ સુમરા – કોવાયા

ગામની કુલ–૧૧ આંગણવાડીમાં સીલીંગ ફેનનું વિતરણ કરાયું સાથે સાથે આંગણવાડીના ભુલકાઓ માટે જ્ઞાનવર્ધક રમકડાનાં સેટનું પણ આંગણવાડીઓમાં વિતરણ કરાયું. આ વિતરણ કોવાયા, ભાકોદર, વરાહસ્વરૂપ, વાંઢ, લોથપુર ગામનાં સરપંચ અને અલ્ટ્રાટેક સિમેન્ટના મટીરીયલ ડીપાર્ટમેન્ટનાં ધ્રૂવિત જોશીનાં હસ્તક વિતરણ કરાયું.

આ કાર્યક્રમમાં જાફરાબાદના CDOP શ્રીમતી શ્રદ્ધાબેન શુકલા, સુપરવાઈઝર શ્રીમતિ મંજુલાબેન તથા લીલાબેનની ઉપસ્થિતી રહી હતી. CDOP મેડલ દ્વારા અલ્ટ્રાટેક CSR વિભાગ દ્વારા હમેશા મળતા સહયોગ માટે કંપનીનો આભાર વ્યકત કરાયો કાર્યક્રમમાં ઉપરોકત ગામનાં ૨૬ જેટલા આંગણવાડી શિક્ષિકા બહેનો તથા સહાઈકા બહેનોની ઉપસ્થિતી રહી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા CSR ની ટીમ દ્વારા સફળ પ્રયાસ રહયો.

### નાયબ દંડક અને સાંસદનાં વરદ્‌હસ્તે

## દેવરાજીયાથી કેરિયાચાડ સુધીના માર્ગનું ઉત્સાહભેર ભૂમિ પુજન થયુ

### રૂપિયા ૨૩૦ લાખના ખર્ચે માર્ગ બનાવાશે

અમરેલી તા. ૮

રાજય સરકારની વણથંભી વિકાસયાત્રામાં અમરેલી જિલ્લો અગ્રીમ હરોળમાં પ્રગતિ કરી રહ્યો છે. આ કડીના ભાગરૂપે સોમવારે અમરેલી જિલ્લાના દેવરાજીયા મુકામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો.

દેવરાજીયાથી કેરીયાચાડ સુધીના કાચા ગાડા માર્ગમાંથી ડામર માર્ગના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા



અને સાંસદ નારણભાઈ કાછડીયાના હસ્તે પૂજન વિધિ કરી અને માર્ગનું નિર્માણ કાર્ય શરૂ થયું હતું. માર્ગ મકાન પંચાયત દ્વારા અંદાજે રૂ.૨૩૦ લાખના ખર્ચે માર્ગનું નિર્માણ કાર્ય સંપન્ન થતા ગ્રામજનોને અવરજવર માટેની સુવિધામાં ઉમેરો થશે. આ કાર્યક્રમમાં તાલુકા અને જિલ્લાના પદાધિકારીઓ અને અધિકારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વિઠ્ઠલપુર ખંભાળીયા ખાતે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો



વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત સોમવારે અમરેલી જિલ્લાના વિઠ્ઠલપુર ખંભાળીયા મુકામે યોજાયેલા કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના લાભાર્થીઓ સાથેના સંવાદનું જીવંત પ્રસારણ યોજાયું હતું. નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને સાંસદ નારણભાઈ કાછડીયા અને જિલ્લા કલેકટર તેમજ જિલ્લા વિકાસ અધિકારીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને મહિલાઓનું સન્માન, લાભાર્થીઓને કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા વિધાનસભાના નાયબ મુખ્ય દંડક, કૌશિકભાઈ વેકરીયાએ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ આયુષમાન ભારત, ઉજ્જવલા યોજના, નલ સે જલ, પી.એમ. વિશ્વકર્મા, કિસાન ક્રેડિટ કાર્ડ વગેરે દ્વારા સમાજમાં આવી રહેલા આર્થિક સામાજિક પરિવર્તનની વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના રૂ. ૦૫ લાખના અનુદાન અને રાજય સરકારના રૂ. ૦૫ લાખના અનુદાન દ્વારા લાભાર્થીઓની રૂ. ૧૦ લાખનું સુરક્ષા કવચ આયુષમાન કાર્ડ દ્વારા મળી રહ્યુ છે. દેશના સુખી સંપન્ન વ્યકિત જે હાસ્પિટલમાં સારવાર કરાવી શકે એ જ હાસ્પિટલમાં આયુષમાન કાર્ડ ધારકને પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની યોજનાના કારણે સારવાર શકય બની છે. તેમણે ઉમેર્યુ કે પી.એમ. વિશ્વકર્મા યોજના દ્વારા કારીગરોના હૂનરને તક આપવામાં આવી છે. જેમાં ૦૧–૦૩ લાખ રૂપિયાની લોન નજીવા વ્યાજદરે અને તાલીમ દ્વારા સ્કિલ ડેવલપમેન્ટનું કામ કરવામાં આવી રહ્યુ છે. ઉજ્જવલા યોજના અંતર્ગત દેશમાં ૧૦ કરોડ જેટલા ગેસ કનેકશન આપી પ્રધાનમંત્રીએ બહેનોને ચૂલાના ધુમાડાથી થતી સ્વાસ્થ્ય સમસ્યાઓમાંથી મુકિત અપાવી છે. આજે ઘરે ઘરે નલ સે જલ યોજના અંતર્ગત પાઈપ લાઈન દ્વારા પીવાનું પાણી પહોંચ્યું છે. કિસાન ક્રેડિટ કાર્ડ હોય કે પછી અન્ય યોજનાઓ આજે છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓના લાભ પહોંચી રહ્યા છે. કાર્યક્રમમાં પ્રેરક ઉદ્બોધન કરતા જિલ્લા કલેકટર અજય દહિયાએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ વળવા અનુરોધ કર્યો હતો. વિકસિત ભારતની પરિભાષા સમજાવતા તેમણે જણાવ્યું હતું કે, વિકાસશીલમાંથી વિકસિત ભારત બનાવવામાટે સરકારની યોજનાઓના મળવા પાત્ર લાભથી એક પણ વ્યકિત બાકી ન રહી જાય તે સુનિશ્ચિત કરવાની સહિયારી જવાબદારી છે. આ યાત્રા થકી યોજનાઓના પ્રચાર પ્રસારની સાથે અંતિમ હરોળના વ્યકિતને પણ તેના લાભથી લાભાન્વિત કરાઈ રહ્યા છે. કાર્યક્રમના પ્રારંભે તાલુકા પંચાયતના પ્રમુખ, કિશોરભાઈ કાનપરીયાએ શાબ્દીક સ્વાગત કર્યુ હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાકૃતિક કૃષિના મહવને સમજાવતું નાટક 'ધરતી કહે પુકાર કે'ની અસરકારક રજૂઆત કરવામાં આવી હતી. લેન્ડ રેકડનું સો ટકા ડિજિટાઈઝેશન અને ૧૦૦ ટકા ઘરોમાં નલ સે જલ યોજનાનો લાભ પહોંચાડવા બદલ પંચાયતના સરપંચને પ્રમાણપત્રો મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સે કોઈએ વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને ચરિતાર્થ કરતા શપથ લઈ સૌએ યોગદાન આપવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના અપ્રયક્ષશ્રી, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચાવડા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યો, સ્થાનિક પદાધિકારીઓ, વિવિધ વિભાગના અધિકારીઓ, શાળાના આચાર્ય અને શિક્ષકો તેમજ ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિતિ રહ્યા હતા.

# કરમસદ ખાતે સરદાર પટેલ સ્મારકની મુલાકાત લેતા સરદારભક્ત ગોપાલ વસ્તરપરા



ભારત દેશની એકતાનાં પ્રતિક અને દેશનાં પ્રથમ નાયબ પ્રધાનમંત્રી સરદાર પટેલનાં વતન કરમસદ ખાતેનાં સરદાર પટેલ નિવાસ સ્થાન અને સરદાર સ્મારકની શુભેચ્છા મુલાકાત લેતા સરદાર ભકત ગોપાલભાઈ વસ્તરપરા. તેઓએ સરદાર પટેલના ભાઈનાં પરિવારનાં ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ભરતભાઈ પટેલ સાથે વાર્તાલાપ કર્યો હતો.

પાના ૮ ઉપરનું ચાલું

## ધારાસભ્ય જનક તળાવીયા

બાબરા અને લાઠી પંથકમાં નવા ઉદ્યોગોનું સ્થાપન કરીને રોજગારી ઉભી કરવા, શ્રમિકો, વેપારીઓ, મહિલાઓનાં કલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ શરૂ થઈ ચુકી છે અને ખેડૂતોને પણ આર્થિક રીતે સધ્ધર કરવા, માર્ગો, પીવાનું પાણી, શિક્ષણ, આરોગ્ય સહિતની કામગીરી શરૂ કરવામાં આવી છે અને સમગ્ર પંથકની જનતાએ જે વિશ્વાસ મુકેલ છે તે ચરિતાર્થ કરવા માટે તેઓ ૧૦૮ની જેમ દિવસ–રાત કામ કરી હ્યાં છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર વિસ્તારની જનતાને લાઠી ખાતે કાર્યાલય ઉપર જે પણ કોઈ કામ હોય તેની રજુઆત કરવા માટે તેમજ મોબાઈલ ઉપર પણ રજુઆત કરવા અનુરોધ કર્યો હતો. આ તકે બાબરાનાં પત્રકાર રાજુભાઈ બસિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું

## ધારીનાં બોરડી ગામે

પોતાના ઘર પાસે વેકરો ચાળતી હતી. તે દરમ્યાન તેમના વાડામાં આરોપી કિશનભાઈ હિંમતભાઈ પાટડીયાની ગાય અંદર આવી જઈ અને ત્યાં રાખેલું ઘાસ ખાઈ જતી હોય જેથી આ ધર્મિષ્ઠાએ ગાયને વાડાની બહાર કાઢતા તે જ ગામે રહેતા કિશનભાઈ હિંમતભાઈ પાટડીયા નામના આરોપીને સારૂ નહી લાગતા અને તે બાબતે ધર્મિષ્ઠાબેન સાથે બોલાચાલી કરવા લાગ્યો હતો. જેથી ધર્મિષ્ઠાએ પોતાના કૌટુંબિક કાકાને સમજાવવા જતા કૌટુંબિક કાકા આરોપી કિશનભાઈ હિંમતભાઈ પાટડીયા એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો આપવા લાગેલ જે ગાળો બોલવાનીના પાડતા કૌટુંબિક કાકા તેના ઘરમાંથી કુહાડી લઈ આવી કુહાડીની મુંધરાટીનો એક ઘા ધર્મિષ્ઠાબેનના માથાના પાછળના ઓડના ભાગે મારી દેતા ગંભીર ઈજા થવાના કારણે તેમનું મૃત્યુ થયું હતું.

આ અંગે વધુ વિગતો માટે ધારીના પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. દેસાઈનો સંપર્ક સાધતા તેમને જણાવ્યું કે, પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. મરણજનાર યુવતીની ઉંમર માત્ર ૨૦ વર્ષ છે અને આરોપી મરણજનાર યુવતીનો કૌટુંબીક કાકા થાય છે અને આરોપીની ઉંમર પણ માત્ર ૨૧ વર્ષની જ છે. હજી સુધી આ કેસમાં વપરાયેલું હથિયાર મળ્યું નથી તે મુદ્દે પણ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૪ | ૧૪૬૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૫૦૦ | ૯૭૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૦ | ૧૨૭૯ |
| ૨ | શિંગ મોટી | ૮૯૯ | ૧૪૭૬ |
| ૩ | શિંગદાણા | ૧૪૦૦ | ૧૪૪૦ |
| ૪ | તલ સફેદ | ૨૧૩૦ | ૩૪૯૫ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૩૨૭૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૮૦૦ | ૪૦૫૯ |
| ૭ | બાજરો | ૪૭૩ | ૫૧૭ |
| ૮ | જુવાર | ૫૪૨ | ૧૧૭૨ |
| ૯ | ઘઉં બંસી | ૫૦૦ | ૫૪૪ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૯૬ | ૬૩૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૨૫ | ૬૦૬ |
| ૧૨ | અડદ | ૧૬૧૦ | ૧૯૭૦ |
| ૧૩ | ચણા | ૭૨૧ | ૧૧૩૧ |
| ૧૪ | તુવેર | ૧૧૦૦ | ૧૯૧૮ |
| ૧૫ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૧૬ | એરંડા | ૧૦૯૯ | ૧૧૧૭ |
| ૧૭ | રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૮ | ધાણા | ૧૦૫૦ | ૧૨૩૬ |
| ૧૯ | અજમા | ૨૭૭૫ | ૨૭૭૫ |
| ૨૦ | સોયાબીન | ૮૬૪ | ૮૯૩ |
| ૨૧ | મરચા લાંબા | ૧૦૫૦ | ૩૩૬૦ |

## કડકડતી ઠંડીમાં તસ્કરોની રંજાડ વધી

## અમરેલીનાં બાયપાસ માર્ગ ઉપર આવેલ દુકાનમાંથી ૨૨૫૦૦નો મુદ્દામાલ ચોરાયો

### તસ્કરોએ લેપટોપ, મોબાઈલ અને રોકડા પણ ઉપાડયા

અમરેલી, તા. ૮

અમરેલીના લાઠી રોડ બાયપાસ વલ્લભ ચેમ્બર્સ સામે આવેલ એ.એ. એન્ટરપ્રાઈઝ નામની ખાંડ, તેલની હોલસેલ વેંચાણની દુકાનનું કોઈ અજાણ્યા ચોર ઈસમોએ ગત તા. ૩૧/૧૨ ના શટર ખોલી તેમાં પ્રવેશ કરી દુકાનની અંદર ટેબલના ખાનામાં રહેલ રોકડા રૂા. ૩૦૦૦ તથા એન્ડ્રોઈડ મોબાઈલ કિંમત રૂા. ૨૦૦૦ તથા કિપેડ મોબાઈલ કિંમત રૂપિયા ૫૦૦ તથા ટેબલ નીચે રાખેલ લેપટોપ કિંમત રૂપિયા ૧૭,૦૦૦ મળી કુલ રૂપિયા ૨૨,૫૦૦ના મુદ્દામાલની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સંજયભાઈ અરૂણકુમાર ખખ્ખરે પોલીસમાં નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

પાના ૧ ઉપરનું ચાલું

## રાજુલાનાં હિંડોરણા ગામ નજીક

સાયકલ લઈને ગત તા. ૭ ના રાત્રીના સમયે મીરાદાતારે આવેલ પોતાના ઘર તરફથી હિંડોરણા ગામ તરફ જતા હતા તે દરમ્યાન કાંધલી કૃપા હોટલની સામે હાઈવે રોડ ઉપર પહોંચતા સામેથી હિંડોરણા ગામ તરફથી એક ફોરવ્હીલ ગાડી નં. જી.જે.–૦૧ કેપી ૯૩૯૪ વાળાના ચાલક પોતાના હવાલા વાળી ફોર વ્હીલ ગાડી રોંગ સાઈડમાં પુરઝડપે અને બે ફીકરાઈથી માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી મોટર સાયકલ સાથે ભટકાવી દઈ સ્થળ ઉપર મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૧૪ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૩ | ચણા | ૭૫૧ | ૮૬૮ |
| ૪ | જુવાર સફેદ | ૭૨૫ | ૯૦૦ |
| ૫ | ઘઉં | ૩૮૧ | ૩૮૧ |
| ૬ | બાજરો | ૪૫૨ | ૪૫૨ |
| ૭ | તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૬૫ | ૧૩૨૬ |
| ૨ | શીંગ મોટી | ૧૨૧૦ | ૧૪૨૫ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૦૧૧ |
| ૪ | તલ કાળા | ૨૬૦૦ | ૩૧૦૦ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૧ | ૫૭૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૦ |
| ૮ | બાજરો | ૪૨૫ | ૫૦૦ |
| ૯ | જુવાર | ૭૫૦ | ૧૦૦૦ |
| ૧૦ | મકાઈ | ૫૫૧ | – |
| ૧૧ | મઠ | – | ૧૨૯૧ |
| ૧૨ | ચણા | ૮૫૦ | ૧૦૨૫ |
| ૧૩ | નવા ચણા મુહુર્ત | – | ૧૯૦૧ |
| ૧૪ | સોયાબીન | ૮૪૦ | ૯૦૦ |
| ૧૫ | તુવેર | ૧૫૫૦ | ૧૯૪૦ |
| ૧૬ | ધાણા | ૧૦૦૦ | – |

પાના ૮ ઉપરનું ચાલું

## રાજુલાનાં જુની કાતર ગામનાં

વર્ષિય યુવકના ઘરની આર્થિક પરિસ્થિતિ ખુબજ ખરાબ હોય અને ઘણા દિવસોથી કોઈ મજુરી કામ મળતુ ના હોવાથી કંટાળીને પોતાની મેળે જુની કાતર ગામની સ્કુલના મેદાનમાં ગુલમહોરના ઝાડની ડાળી સાથે દોરડુ બાંધીને પોતાની મેળે ગળાફાંસો ખાઈ અંતિમ વાટ પકડી લેતા નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી લોકસભા બેઠકનાં

ઉંઘાડને લઈને પણ ખેડૂત સહિતનો વર્ગ માંગ કરતો થયો છે. તો જિલ્લાનાં કદાવર નેતા દિલીપ સંઘાણીનાં યુવા પુત્ર અને પ્રદેશ યુવા ભાજપનાં ઉપાધ્યક્ષ મનિષ સંઘાણી પણ છેલ્લા થોડા વર્ષોથી યુવાનોમાં લોકપ્રિય બની રહ્યા હોય યુવાઓમાં યુવા નેતા મનિષ સંઘાણીની પણ માંગ વધી રહી છે. અમરેલી બેઠક એ ભાજપ માટે લગભગ સુરક્ષિત માનવામાં આવી રહી છે અને ભાજપ જેમને પણ ઉમેદવાર બનાવશે તેમાં વિજયની શકયતા જોવા મળતી હોવાથી ૮ થી ૧૦ આગેવાનો વચ્ચે ટિકિટ મેળવવા ભારે લોબિંગ થવાનું હોય તેવા સમયે જિલ્લાનાં મતદારોમાં ઉપરોકત ૩ આગેવાનોને લઈને પણ વિવિધ સ્તરે માંગ ઉભી થઈ રહી છે. જો કે ભાજપ હાઈકમાન્ડ ધ્વારા વિવિધ સર્વે, કાર્યકરોનાં અને મતદારોનાં અભિપ્રાય, વિકાસનું વિઝન, જ્ઞાતિનું સમીકરણ સહિણ અનેક બાબતે વિચારણા કરીને ૩ થી ૫ નામની પેનલ બનાવવામાં આવતી હોય છે અને બાદમાં દિલ્હી ખાતેથી પસંદગીની મહોર લાગતી હોય છે અને આગામી ૪૦ દિવસ બાદ પેનલની પ્રક્રિયા શરૂ થયા બાદ થોડું ચિત્ર સ્પષ્ટ થશે. પરંતુ લોકસભા વિસ્તારમાં ઉપરોકત ૩ નામની ચર્ચાએ સારૂ એવું જોર પકડેલ છે તે હકીકત છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૭૫ | ૧૪૧૪ |
| ૨ | મગફળી | ૧૩૩૦ | ૧૨૫૫ |
| ૩ | તલ સફેદ | ૨૬૨૫ | ૨૭૧૦ |
| ૪ | ઘઉં | ૫૩૮ | ૫૧૦ |
| ૫ | ચણા | ૧૦૨૨ | ૯૬૫ |
| ૬ | સોયાબીન | ૮૭૩ | ૮૫૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૫ | ૧૪૨૬ |
| ૨ | મગફળી | ૧૦૮૫ | ૧૨૦૫ |
| ૩ | ઘઉં | ૪૫૦ | ૫૬૫ |
| ૪ | ચણા | ૮૫૫ | ૧૦૨૦ |
| ૫ | તુવેર | ૧૪૮૦ | ૧૫૮૫ |
| ૬ | ધાણા | ૧૨૦૬ | ૧૨૬૧ |
| ૭ | તલ | ૨૬૧૫ | ૨૬૧૫ |
| ૮ | સોયાબીન | ૮૭૦ | ૮૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૪૬૦ |
| ૨ | ચણા | ૯૫૫ | ૧૦૪૦ |
| ૩ | મકાઈ | ૫૧૫ | ૫૧૫ |
| ૪ | ધાણા | ૧૦૭૫ | ૧૨૩૫ |
| ૫ | બાજરો | ૫૦૫ | ૫૦૫ |
| ૬ | ઘઉં લોકવન | ૫૧૭ | ૫૫૯ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૪ |
| ૮ | સોયાબીન | ૮૭૬ | ૮૭૬ |
| ૯ | મગફળી | ૧૦૫૫ | ૧૨૧૦ |
| ૧૦ | અડદ | ૧૫૯૫ | ૧૭૦૧ |
| ૧૧ | ચણા સફેદ | ૮૨૦ | ૮૨૦ |
| ૧૨ | તુવેર | ૭૦૦ | ૧૪૦૦ |
| ૧૩ | લસણ | ૨૭૨૫ | ૨૯૦૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૩૪૦ | ૧૩૪૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલામાં નૂતન કેળવણી મંડળ

લેવામાં આવતી હોય આ ફી ના વળતર સ્વરૂપે કોલેજમાં એક પણ સુવિધાઓ છેલ્લા ઘણા સમયથી નથી જયારે વિદ્યાર્થીઓ અને એનએસયુઆઈ દ્વારા આજે કોલેજમાં સૂત્રોચાર સાથે હલ્લાબોલ કર્યો અને કોમ્પ્યુટર રૂમ લાઈબ્રેરી રૂમ રમતગમતના સાધનોનો રૂમ સહિતના કાર્ય ક્ષેત્રનું રિયાલિટી ચેક કર્યું ત્યારે વિદ્યાર્થીઓમાં એક જ માંગ છે કે સુવિધાઓ આપો અથવા ફી પાછી આપો. વિદ્યાર્થીઓનો રોષ ચરમશીમાએ છે.

છેલ્લાા ઘણા સમયથી વિદ્યાર્થીઓ પાસેથી આ તગડી ફી લઈ અને સુવિધાના નામે મીંડા બાબતે એનએસયુઆઈના પ્રદેશના ઉપપ્રમુખને રજૂઆત કરી ત્યારે એનએસયુઆઈના ઉપપ્રમુખ અને સાવરકુંડલાની ટીમ દ્વારા કોલેજમાં રિયાલિટી ચેક કરવામાં આવ્યું તો કોલેજમાં લાઈબ્રેરીમાં એક પણ દૈનિક અખબાર નથી આવતું મેગેઝીન છે તે પણ જૂના છે કોલેજમાં વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ લાઈબ્રેરીમાં આવે છે પરંતુ તેમની કોઈપણ પ્રકારના આધુનિક પુસ્તકો મળતા નથી અને રમતગમતની વાત કરવામાં આવે તો રમતગમતના એક પણ સાધનો છેલ્લા પાંચ વર્ષથી નવા લેવામાં નથી આવ્યા બેટ અને બોલ તૂટેલા છે અને ખંઢેર હાલતમાં આ રમત ગમતના સાધનો જોવામાં આવે છે જીમખાનાના નામે વિદ્યાર્થીઓ પાસેથી જે ફી લેવામાં આવે છે પરંતુ કોલેજમાં જીમખાનાનું અસ્તિત્વ નથી ત્રણ ત્રણ વર્ષ કોલેજમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે પરંતુ કોમ્પ્યુટર રૂમમાં તેમને લઈ જવામાં નથી આવતા આમ અનેક પ્રકારે તગડી ફી લઈ વિદ્યાર્થીઓનું એક પ્રકારનું શોષણ થઈ રહ્યું છે તેને લઈ અને આજે કોલેજમાં વિદ્યાર્થીઓ સાથે હલ્લાબોલ કરવામાં આવી રહ્યો છે અને જો દસ દિવસની અંદર કોઈપણ પ્રકારની સુવિધાઓ નહીં મળે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

વિદ્યાર્થીઓ પાસેથી કેટલી કેટલી ફી લેવામાં આવે છે તે બાબતે કોલેજના પ્રિન્સિપાલે લુલો બચાવ કરતા જણાવ્યું વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૫૦ છે એક વિદ્યાર્થી પાસેથી એક સત્રની રૂપિયા ૨૬૦૦ લેવામાં આવે છે જે બીજા સત્રમાં કેટલીક ફી ઘટી જાય છે વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી જુદા જુદા ૧૩ હેડ હેઠળ ફી ઉપર નજર કરીએ તો ટયુશન ફી રૂપિયા ૬૦૦ એડમિશન ફી ૩૦૦ લાઈબ્રેરીની ફી ૨૦૦ જે ૧૨૦૦ વિદ્યાર્થીઓના અઢી લાખ રૂપિયા થાય છે સ્ટુડન્ટ એકિટવિટી ફી ૪૦૦ એટલે કે રૂપિયા પાંચ લાખ વાર્ષિક લેવામાં આવે છે જીમખાનાની ફી ૨૦૦ લેખે વાર્ષિક અઢી લાખ રૂપિયાની આવક થાય છે જે આજે પણ જીમખાનાનું અસ્તિત્વ કોલેજમાં નથી કોલેજ ડેવલોપમેન્ટ ફી ૪૦૦ લેખે વાર્ષિક પાંચ લાખની આવક છે અને કોમ્પ્યુટર ફી ૧,૦૦૦ લેખે વાર્ષિક ૧૨,૫૦,૦૦૦ ની આવક થાય છે આમ અંદાજે ૬૦ થી ૮૦ લાખ જેવી રકમ આ વિદ્યાર્થીઓ પાસેથી નૂતન કેળવણી મંડળ સંચાલિત કોલેજ મેળવી રહી છે. સાવરકુંડલા કોલેજમાં ૧૨૦૦ વિદ્યાર્થીઓનું ભવિષ્ય ધૂંધળું છે જેની શરૂઆત સાવરકુંડલાના શિલ્પી લલુભાઈ શેઠ દ્વારા કરવામાં આવ્યું હતું પરંતુ આજે નૂતન કેળવણી મંડળ ટ્રસ્ટ નીચે આ કોલેજ ચાલે છે કોલેજનું કોમ્પ્યુટર કોલેજનું એસી એ નુતન કેળવણી મંડળની ઓફિસમાં કાર્યરત છે અમે ટ્રસ્ટી પાસેથી લેવામાં આવતી ફી અને આપવામાં આવતી સુવિધાઓ બાબતે જાણવાનો પ્રયાસ કર્યો તો કોલેજના ટ્રસ્ટીએ લુલો બચાવ કરી યોગ્ય જવાબ આપી ન શકયા અને જે સુવિધાઓ નથી આપવામાં આવતી તે અમે મીટીંગ બોલાવીને શરૂ કરીશું.

નૂતન કેળવણી મંડળ સંચાલિત કાણકીયા આટર્સ કોમર્સ કોલેજમાં ૧૨૦૦ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક ભવિષ્ય ધૂંધળું છે છેલ્લા પાંચ વર્ષથી તગડી ફી લઈ સુવિધાઓને નામે મીંડું છે ત્યારે ચોરના ભાઈ ઘંટીચોર ટ્રસ્ટીઓ પણ આ બાબતે કોઈ ગંભીરતાથી વિચારતા નથી અને વિદ્યાર્થીઓને મજબૂર થઈ આંદોલન કરવા જવું પડયું ત્યારે હવે જોવાનું એ રહે છે કે દસ દિવસ બાદ આ તગડી ફી નો ઉપયોગ વિદ્યાર્થીઓના વિકાસ માટે કરવામાં આવે છે કે કેમ.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૪૧૪ |
| ૨ | તલ સફેદ | ૨૪૦૦ | ૩૩૦૦ |
| ૩ | તલ કાળા | ૨૯૦૧ | ૨૯૦૧ |
| ૪ | કપાસ | ૧૦૧૦ | ૧૪૨૫ |
| ૫ | બાજરો | ૪૨૧ | ૫૦૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૫૧ |
| ૭ | જુવાર | ૬૧૦ | ૧૧૮૧ |
| ૮ | મગ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૯ | ધાણા | ૮૫૦ | ૮૫૦ |
| ૧૦ | અડદ | ૧૯૦૧ | ૧૯૦૧ |
| ૧૧ | તુવેર | ૧૪૦૦ | ૧૯૦૦ |
| ૧૨ | ચણા | ૭૦૧ | ૧૦૩૧ |
| ૧૩ | તલ પીળા | ૩૮૮૧ | ૩૯૨૦ |
| ૧૪ | એરંડી | ૬૦૦ | ૯૦૦ |
| ૧૫ | વટાણા | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૧૭ | સોયાબીન | ૭૫૦ | ૮૫૦ |

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસમાં GPL-2024 નું સફળ આયોજન અને પુરસ્કાર વિતરણ સમારોહ યોજાયો






શ્રીમતિ ચંપાબેન વસંતભાઈ ગજેરા અને શ્રીમતિ શાંતાબેન હરીભાઈ ગજેરા સ્કૂલનાં ઉપક્રમે GPL 2024 ઈન્ટર સ્કુલ ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ ટુર્નામેન્ટમાં તાલુકા કક્ષાની શાળાઓને ઈન્વીટેશન આપવામાં આવેલ, જેમાં કુલ ૮ શાળાઓનાં ક્રિકેટ ખેલાડીઓની ટીમ પસંદગી કરવામાં આવેલ હતી. જે બે દિવસીય સ્પર્ધા યોજાય. તેમાં નાલંદા શાળાની ટીમે ચેમ્પિયનશીપ મેળવેલ અને ઈનોવેટીવ સ્કુલ રનર્સ અપ સિધ્ધી મેળવેલ છે. જેમને સંસ્થા વતી ચેમ્પિયન ટીમને ૧૧,૦૦૦/– રોકડ અને પુરસ્કાર અને રનર્સ અપ ટીમને ૫૧૦૦/– રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવેલ, તેમજ ચેમ્પિયન ટ્રોફી, રનર્સ અપ ટ્રોફી અને વિજેતા ટીમનાં તમામ ખેલાડીઓને ટ્રોફી તેમજ સ્પર્ધા વાઈઝ મેન–ઓફ–ધ મેચ, મેન ઓફ ધ સિરીઝની ટ્રોફી આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા અને આ ઉપરાંત આઠ ટીમનાં તમામ ખેલાડીઓને ટી–શર્ટ આપવામાં આવ્યાં હતાં. આ સ્પર્ધાનું રજીસ્ટ્રેશન નિઃશુલ્ક રાખવામાં આવેલ હતું. જેમાં ટ્રોફીનાં સ્પોન્સર્ડ પટેલ પ્લાય એન્ડ હાર્ડવેર સેનેટરી તેમજ કો સ્પોન્સર્ડ ટી.વી.એસ. શો રૂમ અને બાટા શો રૂમ તરફથી પ્રોત્સાહન મળેલ હતું. આ સ્પર્ધાની જહેમત ડોબરીયા રાજેશભાઈ અને ધર્મેશભાઈ અમીપરા દ્વારા ઉઠાવવામાં આવી હતી. કેમ્પસમાં જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ કાર્યરત છે ત્યારે સંસ્થા ખેલાડીઓને રમતોમાં પણ પ્રોત્સાહન પુરું પાડવાના ભાગરૂપે સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા બાળકોનાં સંયુકત શિક્ષણ અને સર્વાંગી વિકાસનાં સ્વપ્નની કડી સમાન આ ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. આ તકે શૈલેષભાઈ સંઘાણી–ચેરમેન, અમરેલી માર્કેટીંગ યાર્ડ, અમરેલી જિલ્લા ડીવાયએસપી અશોકસિંહજી ગોહીલ, લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલનાં પ્રમુખ દિવ્યેશભાઈ વેકરીયા તથા રીતેશભાઈ સોની, ધર્મેશભાઈ વિસાવળીયા, વિજયભાઈ વસાણી, સુરેશભાઈ પટોળીયા, જયદેવભાઈ કોઠીવાળ, ધવલભાઈ રાજયગુરૂ, તેમજ સંસ્થાનાં મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, અને ડાયરેકટર વસંતભાઈ પેથાણી ઉપસ્થિત રહ્યાં હતા અને ખેલાડીઓને રોકડ પુરસ્કાર, ટ્રોફી અને મોમેન્ટો એનાયત કરવામાં આવ્યો હતો.

### જિલ્લા ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

## ઉનામાં બે સ્થળોએ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ ઝડપાયુ

### દોરી તથા તુક્કલ સાથે બે ઈસમોની અટકાયત

ઉના, તા. ૮

સમગ્ર ગુજરાતમાં સરકારે નાયલોન અથવા સિન્થેટિક પદાર્થની કોટેડ કરેલો અને નોન બાયોડીગ્રેડેબલ હોય તેવી દોરીના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવ્યો છે. તેમ છતાં પણ ઉના શહેરમાં કેટલાક વેપારીઓ વધુ નફો કમાવવાની લાલચમાં આ પ્રતિબંધિત ચાઈનીઝ દોરી તથા તુકકલનું ધુમ વેચાણ કરી રહ્યા છે ત્યારે ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમને ઉનાના પોસ્ટ ઓફિસ ચોક પાસેથી તેમજ ત્રિકોણબાગ પાસેથી ચાઈનીઝ દોરી તથા તુકકલનું વેચાણ થતું હોવાની માહિતી મળી હતી.

જેથી જિલ્લા ક્રાઈમ બ્રાન્ચના પ્રવીણ મોરી, પ્રફુલ વાઢેર,




સંદીપ ઝણકાર, રાજુ ગઢીયા સહિતનો સ્ટાફ ઉના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય ત્યારે પોસ્ટ ઓફિસ ચોક પાસે આવેલ પિયુષ રામભાઈ મેવાડાની દુકાનમાં રેડ કરાતા ચાર જેટલી ચાઈનીઝ દોરી જેની કિંમત ૪૦૦, જયારે ત્રિકોણ બાગ પાસે ગુલાબભાઈ ઉર્ફે મોટાભાઈ કેવલભાઈ ઠક્કરને ત્યાં રેડ કરાતા પ્રતિબંધિત ચાઈનીઝ તુક્કલ નંગ ૮૦ જેની કિંમત ૨,૪૦૦ મળી કુલ ૨૮૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડી બે ઈસમો વિરૂદ્ધ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સાવરકુંડલાના માર્કેટયાર્ડમાં નવા ચણાની આવક : મુર્હુતનો ભાવ ૧૯૦૧

સાવરકુંડલા, તા.૮

સાવરકુંડલા આજરોજ સાવરકુંડલા માર્કેટયાર્ડમાં સિજનનાં નવા ચણાની આવક થઈ. ધોળા ગામનાં ખેડૂત કાળુભાઈ ખોડાભાઈ રાઠોડએ રામાણી ટ્રેડીંગનાં કમીશનમાં ચણા વેચવા માટે આવેલ હોય સિજનનાં નવા ચણાની આવકનાં આજરોજ શ્રીગણેશ થયેલ છે. જે ચેરમેન દિપકભાઈ માલાણીનાં માર્ગદર્શનથી વિધીસર પુજન કરી શ્રીફળ વધેરીને મીઠું કરાવીને



હરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી અને ખરીદનાર વેપારીઓ, તેમજ યાર્ડનાં આ. સેક્રેટરી મુકેશભાઈ ત્રિવેદી, ઈન્સ્પેકટર વનરાજભાઈ ખુમાણ, તેમજ સ્ટાફગણ અને ડીરેકટરઓની ઉપસ્થિતીમાં ચણા ખરીદનાર વેપારીઓમાં મુર્હુતનાં ચણા ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવતા રૂદ્ર એન્ટરપ્રાઈઝ દ્વારા રૂા.૧૯૦૧ ની ઉચી બોલી બોલીને મુર્હૂતના ચણા ખરીદ કરેલ. જેથી મુર્હુતના સારા ભાવ બોલાતા ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ છવાયો હતો. તેમ આસી. સક્રેટરી મુકેશભાઈ ત્રિવેદીની યાદી જણાવે છે.

### કરોડો શ્રદ્ધાળુઓનાં આસ્થાનાં પ્રતિક સમા

## સત્તાધારધામ ખાતે પૂ. આપાગીગાનાં દર્શન કરી ધન્યતા અનુભવતા શિક્ષણમંત્રી પાનસેરીયા

### પૂ.વિજયબાપુ તથા પૂ.મુકતાનંદબાપુની ઉપસ્થિતિમાં દર્શન કરી અહોભાવ વ્યકત કર્યો




સતાધાર, તા. ૮

કામરેજ (સુરત)ના વિધાયક અને ગુજરાત સરકારના રાજય કક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ વિશ્વના કરોડો લોકોના આસ્થાના કેન્દ્ર સમા પૂ.આપાગીગા ની જગ્યા–સત્તાધારધામ ની મુલાકાત લઈ પૂ.આપાગીગાની સમાધિના દર્શન કરી ધન્યતા અનુભવી અહોભાવ વ્યકત કર્યો હતો.

પાનસેરિયા પરિવારનો સત્તાધાર સાથે પ્રથમથીજ નાતો હોવાના કારણે જૂનાસંસ્મરણો યાદ કરીને ધન્યતા અનુભવી હતી.

પૂ.આપાગીગા ની જગ્યાના ગાદિપતિ મહંતશ્રી પુ.વિજયબાપુ ગુરૂ જીવરાજબાપુ દ્વારા પરંપરા મુજબ તેમનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

આ તકે બ્રમ્હાનંદધામ ચાંપરડાના મહંત તેમજ ભારત સાધુ સમાજના પ્રમુખ પૂ. મુકતાનંદ બાપુની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

શિક્ષણ મંત્રી પ્રફુલભાઈએ સત્તાધાર ધામના પરિસરમાં ફરીને બિલેશ્વર મહાદેવના દર્શન કરીને ગૌશાળાની મુલાકાત લઈને રાજીપો વ્યકત કર્યો હતો. સત્તાધારધામના નવા પરિસર પ્રોજેકટ વિશે માહિતી મેળવીને આનંદ વ્યકત કર્યો હતો.

### જિલ્લાના દલિત અગ્રણી શાંતિલાલ રાણવાના લઘુબંધુ અને

## અમરેલીના વરૂડી ગામના પિયુષભાઇ રાણવાનું હાર્ટએટેકથી નિધન થયું

### મૃતક યુવકના ભાઇનું પણ થોડા દિવસો પહેલા અવસાન થયુ હતુ

અમરેલી, તા. ૮

અમરેલીનાં વરૂડી ગામનાં રહેવાસી અને જિલ્લાનાં દલિત અગ્રણી શાંતિલાલ રાણવાનાં લઘુબંધુ અને પૂર્વ ધારાસભ્ય સ્વ. મગનભાઈ રાણવાનાં પુત્ર પિયુષભાઈનું હાર્ટ એટેકથી અવસાન થયું છે. મૃતક યુવકનાં નાનાભાઈ વિજયભાઈ રાણવાનું



૧૫ દિવસ પહેલા અવસાન થયેલ. આમ, માત્ર ૧૫ દિવસમાં બે સગ્ગાભાઈઓનાં નિધન થતાં રાણવા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

સ્વ. પિયુષભાઈનું બેસણુ તા. ૧૧ જાન્યુ.ને ગુરૂવારનાં રોજ બપોરનાં ૩ થી ૬ સુધી રાખવામાં આવેલ છે.

### ધારાસભ્ય મહેશ કસવાલા ધ્યાન આપે

## સાવરકુંડલામાં ટાવર બજાર અને કંસારા બજારને જોડતો પુલ બને તો વાહનચાલકોને રાહત થઈ શકે

સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા શહેરમાં નદી બજાર પાસે આવેલ કંસારા બજાર અને શહેરની મધ્યમાંથી પસાર થતાં હાઈવેને જોડતો એક પુલ બને તો કંસારા બજાર તરફ જતાં આવતાં રાહદારીઓ અને વાહન ચાલકોને ઘણી રાહત મળ`. આમ તો શહેરની વચોવચ્ચ મધ્યમાંથી નાવલી નદી વહે છે.

ખાસ કરીને ચોમાસામાં આવતાં પૂરને કારણે આ નદીનાં પટમાં વહેતાં ધસમસતા પાણીનાં વહેણમાં પાકો આરસીસી પુલ હોય તો જ ટકી શકે. પુલનું નિર્માણ થાય તો માત્ર ચોમાસામાં જ નહીં પરંતુ



તસ્વીર/અહેવાલ : પ્રતાપ ખુમાણ–કેવલ વેલાણી–સા.કુંડલા

બારેમાસ આ વિસ્તારનો ઘણો ટ્રાફિક હળવો થઈ શકે. આ સંદર્ભે સાવરકુંડલા નગરપાલિકા દ્વારા યોગ્ય સર્વે કરાવી અહીં પાકો આરસીસી પુલ બનાવવામાં આવે એવું આ વિસ્તારનાં રહીશો ઈચ્છે છે.

પ્રસ્તુત તસવીર જોઈને પણ અંદાજ લગાવી શકાય છે કે અહીં નદીના બે કાંઠાને જોડતો આરસીસી પુલ ની તાત્કાલીક જરૂર છે. આ પુલ બનાવવામાં આવે તો વાહનચાલકોને અઘરા અને સાંકડા વળાંક વગર સીધાસટ નદી ક્રોસ કરવાનું ઘણું સરળ થઈ શકે.

# દેવરાજીયા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉષ્માભર્યુ સ્વાગત






અમરેલી જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાના અંતિમ પડાવમાં પહોંચી છે. સોમવારે સવારે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ અમરેલી તાલુકાના દેવરાજીયા મુકામે પહોચ્યો હતો. આ પ્રસંગે સાંસદ નારણભાઈ કાછડીયા અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓનો પ્રચાર–પ્રસાર કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં આયુષ્યમાન ભારત, ઉજ્જવલા યોજના, પૂર્ણા શકિત, માતૃ શકિત યોજનાના લાભાર્થીઓને કાર્ડ અને કીટનું વિતરણ સાંસદ અને નાયબ મુખ્ય દંડક તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સંબોધતા સાંસદ નારણભાઈ કાછડીયાએ, કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આયુષ્યમાન ભારત યોજના એ ભારતના નાગરિકોને આરોગ્ય કવચ આપતી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) અંતર્ગત દેશમાં ૪૦ કરોડથી વધુ કાર્ડ તૈયાર થયા છે, આ પૈકીના ૨,૬૯,૦૦૦ જેટલા માતબર સંખ્યામાં પી.એમ.જે.વાય કાર્ડ અમરેલી લોકસભા વિસ્તારમાં બન્યા છે. આ પ્રસંગે તેમણે પી.એમ. વિશ્વકર્મા, પી.એમ. કિસાન, ઉજ્જવલા યોજના સહિતની યોજનાઓની માહિતી આપી હતી. કાર્યક્રમમાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યુ કે, અમરેલી તાલુકામાં વિકસિત ભારત યાત્રા સમાપન થવા જઈ રહી છે. કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓ થકી દેવરાજીયાને આધુનિક ગામ બનાવવામાં સફળતા મળી છે. આ યાત્રા થકી કેન્દ્ર સરકારની યોજનાઓની માહિતી અને લાભછેવાડાના માનવી સુધી પહોંચી રહ્યો છે. રાજય સરકાર અમરેલીની વિકાસયાત્રાને આગળ ધપાવવા કટિબદ્ધ છે. તાજેતરમાં જ મુખ્યમંત્રીએ અમરેલીના અનેક વિકાસકાર્યો મંજૂર કર્યા છે તે બદલ તેમનો આભાર વ્યકત કરું છું. આગામી દિવસોમાં અંદાજે રૂા.૬૮ કરોડના ખર્ચે અમરેલીના વિવિધ વિસ્તારોમાં માર્ગોના કાર્યનું ખાતમુહૂર્ત પણ થશે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયાએ, વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તેવી અપીલ કરી હતી. પ્રાકૃતિક કૃષિ અને તેના થકી થતાં ફાયદાઓ વિશે ખેડૂતો વધુ પ્રમાણમાં અવગત થાય તે જોવા તેમણે સૂચન કર્યુ હતુ. અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયાએ દેવરાજીયાને વિકાસના પંથે લઈ જનારા સરપંચ સગુણાબેન વેકરિયાનું અભિવાદન કર્યુ હતું. કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાનો લાભ લેવા તેમણે ગ્રામજનોને સૂચન કર્યુ હતું. કાર્યક્રમના પ્રારંભે સૌએ વિકસિત ભારત–૨૦૪૭ના નિર્માણ માટેના શપથ લીધા હતા. જયારે શાળાના બાળકો દ્વારા પ્રાકૃતિક કૃષિ વિષયક નાટક ‘ધરતી કહે પુકાર’ રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, ઉપપ્રમુખ, ધીરૂભાઈ વાળા, જિલ્લા અને તાલુકાપંચાયતના સદસ્યો, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, ગામના દાતા સર્વ ધીરૂભાઈ બાબરીયા, અશ્વિનભાઈ બાબરીયા, અગ્રણીઓ મનિષભાઈ સંઘાણી, મેહુલભાઈ ધોરાજીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનો, શાળાના આચાર્ય, શિક્ષકો અને વિવિધ વિભાગના અધિકારી, કર્મયોગીઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા.

### આડેધડ દોડતા વાહનો પર રોક જરૂરી

# ખાંભાના જામકા નજીક છકડો રીક્ષા અને બાઇક વચ્ચે અકસ્માતમાં વિદ્યાર્થીનું મોત



ખાંભા, તા. ૮

ખાંભાના જામકા નજીક છકડો રીક્ષા અને બાઈક વચ્ચે અકસ્માત થતા એક વિદ્યાર્થીનું મોત થયેલ છે અને અન્ય ૮ મુસાફરોને નાની–મોટી ઈજાઓ થતા સારવારમાં ખસેડવામાં આવેલ છે. મૃતક વિદ્યાર્થીનું નામ શબ્બીર હુશૈનભાઈ ઉનડ હોવાનું જાણવા મળેલ છે.

### આમ આદમીને અવનવી આફતનું આક્રમણ

# અરેરાટી : જાફરાબાદનાં ટીંબી ખાતે યુવકનું ઠંડીનાં કારણે મોત

અમરેલી, તા. ૮

જાફરાબાદ તાલુકાન ટીંબી ગામે રહેતા જુનેદભાઈ કાસમભાઈ સરવૈયા નામના ૩૨ વર્ષિય યુવક ગઈકાલે સવારે નવેક વાગ્યે પોતાના ઘરેથી નિકળતા હતા ત્યારે તેઓને જાણવા મળેલ કે જાફરાબાદના ટીંબી ચેક પોસ્ટ અને ભાડા ગામની ચોકડી વચ્ચે કોઈ એક અજાણ્યા પુરૂષ ઉંમર આશરે ૪૦ થી ૪૫ વર્ષની લાશ પડેલ છે. જે અજાણ્યા પુરૂષને તેમણે ગઈકાલ સાંજના સમયે ચેક પોસ્ટ નજીક ત્રણ રસ્તા પાસે બેઠેલ જોયા હતો અને ગઈકાલ સાંજથી આખી રાત સુધી ઠંડી ખુબ જ પડેલ અને પવન પણ ઠંડો હતો. જેથી આ ઠંડીના કારણે આ અજાણ્યો પુરૂષ મરણ ગયાનું નાગેશ્રી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ઘરની આર્થિક સ્થિતિ અતિ કંગાળ અને કોઈ કામ મળતું ન હતું

# હાય રે બેકારી : રાજુલાનાં જુની કાતર ગામનાં ૧૯ વર્ષિય યુવકે બેકારીથી કંટાળી ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૮

મુળ રાજુલા તાલુકાના વડનગરના વતની અને હાલ જુની કાતર ગામે રહેતા સંજયભાઈ રામજીભાઈ બાબરીયા નામના ૧૯

અનુસંધાન પાના ૬ ઉપર

### કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈનો નવતર પ્રયોગ

# સાવરકુંડલામાં નૂતન કેળવણી મંડળ સંચાલિત કોલેજમાં લેવાતી ફી અને સુવિધાઓ બાબતે રિયાલીટી ચેક કરાયું

### મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ કોલેજમાં સુત્રોચ્ચાર કર્યા



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા નૂતન કેળવણી મંડળ સંચાલિત વીડી કાણકીયા આટર્સ એન્ડ કોમર્સ કોલેજ સરકારી ગ્રાન્ટ મેળવતી હોવા છતા વિદ્યાર્થીઓ પાસેથી જુદા જુદા હેડ નીચે જુદી જુદી વાર્ષિક ફી લેવામાં આવે છે એક વિદ્યાર્થીની એક વર્ષની પ૨૦૦ જેવી ફી વસૂલવામાં આવે છે જેમાં ટયુશનથી લાઈબ્રેરીથી કોમ્પ્યુટરથી રમત ગમતથી અને જીમખાના ફી સહિતની જુદી જુદી ફી

અનુસંધાન પાના ૬ ઉપર

### કોંગ્રેસનાં કદાવર નેતા વિરજી ઠુંમરને પરાજય આપ્યા બાદ સૌપ્રથમવાર

# ''અમરેલી એક્સપ્રેસ'' કાર્યાલયની શુભેચ્છા મુલાકાતે ધારાસભ્ય જનક તળાવીયા

### લાઠી, બાબરા, દામનગરનાં વિકાસની રૂપરેખા જણાવી



અમરેલી, તા. ૮

લાઠી–બાબરા–દામનગર વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનાં કદાવર નેતા વિરજી ઠુંમરને પરાજીત કરીને સૌપ્રથમ વખત ધારાસભ્ય બનેલ જનક તળાવીયાએ આજે ''અમરેલી એકસપ્રેસ'' કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લઈને તંત્રી મનોજ રૂપારેલ સાથે લાઠી, બાબરા વિસ્તારમાં વિકાસકાર્યો અંગે રૂપરેખા રજુ કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે, અમરેલીથી બાબરા અને અમરેલીથી ચાવંડ વચ્ચેના માર્ગને પહોળો કરવા,

અનુસંધાન પાના ૬ ઉપર



























*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)